**સુવિચાર**
હજાર બાબત બાજુમાં મૂકી દેવી પરંતુ ધંધો કદી એક દિવસ પણ બાજુમાં ન મૂકવો.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૧૨/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં...
PENDAWALA
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯, અમરેલી, મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ માગશર સુદ-૧૩ વર્ષ : ૧૬ અંક : ૦૦૧




## અમરેલી જિલ્લા સહિત રાજ્યભરમાંથી શુભકામનાઓ મળી રહી છે

# ''અમરેલી એક્સપ્રેસ'' ને ૧૬માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે શુભકામનાઓનો ધોધ

### વર્તમાનપત્રની નિષ્પક્ષતા, નીડરતા અને નિષ્ઠાથી સૌ કોઈ પ્રભાવિત બન્યા છે

### આમ આદમીથી લઈને ખાસ આદમી સુધી સૌ કોઈએ શુભેચ્છા પાઠવી

### સાવરકુંડલાનાં ધારાસભ્ય કસવાલા, ભાજપ અગ્રણી દીપક વઘાસીયા, મુકુંદભાઈ મહેતા સહિતનાં આગેવાનોએ શુભેચ્છા પાઠવી

### ભામાશા ગોપાલ વસ્તરપરા, ઘનશ્યામ ડોબરીયા, સંદિપ માંગરોળીયા સહિતનાં અનેક આગેવાનોએ શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૧૨

અમરેલીજિલ્લાનાંસર્વાધિક લોકપ્રિય વર્તમાનપત્ર અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાંથી અભિનંદન મળીરહ્યાછે.આમઆદમીથીલઈનેખાસ આદમી સુધી સૌ કોઈ હૃદયપૂર્વકનાં આશીર્વાદ પાઠવી વર્તમનપત્રની નિષ્ઠા, નીડરતાઅનેનિષ્પક્ષતાનેપ્રોત્સાહનઆપ્યું.

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલા, ભાજપ અગ્રણી દીપક વઘાસીયા, મુકુંદભાઈ મહેતા, સંદિપ માંગરોળીયા, મુંબઈનાં પૂર્વ ધારાસભ્ય હેમેન્દ્ર મહેતા, ભામાશા ગોપાલ વસ્તરપરા, સાવરકુંડલા ભાજપનાં અગ્રણી ઘનશ્યામ ડોબરીયા, વેપારી અગ્રણી જગદીશભાઈ (હોટેલ અવધ), પરેશભાઈ હિંગુ, રજનીભાઈ બુંદેલીયા, મોટાભાઈ સંવટ, ઓકસફર્ડ સ્કૂલ ધીરૂભાઈ સિધ્ધપરા, યુવક કોંગ્રેસનાં પ્રમુખ સંદિપ ધાનાણી, પાલિકા વિપક્ષી નેતાનાં પ્રતિનિધિ પ્રહલાદ સોલંકી, સામાજિક કાર્યકર્તા કાંતીલાલ પરમાર, નિર્દોષાનંદજી હોસ્પિટલનાં ટ્રસ્ટી બી.એલ. રાજપરા, અર્જુન સોસા, જાણીતા લેખક યોગેશ ભટ્ટ, નિવૃત્ત પોલીસ અધિકારી જે.એમ. ઠાકર, પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર, ડો. પિનાકીન શુકલ, જાણીતા સાહિત્યકાર મયુર દવે, બગસરા મંડળીનાં એમ.ડી. નિલેશ ડોડીઆ, ડો. હિમાંશુ વાજા સહિતનાં અનેક આગેવાનો, વેપારીઓ, રાજકીય અને સામાજિક ક્ષેત્રનાં પ્રતિનિધિઓ સહિત સૌ કોઈએ ''અમરેલી એકસપ્રેસ''ને હિંમત, હૂંફ અને પ્રેરણા આપતા સંદેશ સોશ્યલ મીડિયા ધ્વારા પાઠવેલ હોય તમામનો ''અમરેલી એકસપ્રેસ'' પરિવાર વતી આભાર માનવામાં આવ્યો.

''અમરેલી એકસપ્રેસ'' જિલ્લાનુંએકમાત્રદૈનિકવર્તમાનપત્રછે. જે સરકારી જાહેરખબર કે અન્ય કોઈ સુવિધા મેળવતું નથી છતાં પણ વર્તમાનપત્ર સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. તેની પાછળ જિલ્લાનાં વિજ્ઞાપનદાતાઓ અને વાંચકોનાં અપાર આશીર્વાદ સમાયેલ છે.












## ખનિજ માફિયા, નકલખોર, ભ્રષ્ટાચારીઓને જલ્સા

# ગુજરાતમાં ભાજપ સરકારનાં ગેરવહીવટથી ૩.૮૪ લાખ કરોડનું દેવું

### ખેડૂતો, યુવાનો, મહિલાઓ, નાના વેપારીઓ સહિત કોઈ પાછળ ધકેલાયા

### ૭૦થી વધુ નગરપાલિકા સમયસર વીજબિલ ભરી શકતી નથી

### છેલ્લા ૧૦ વર્ષમાં આડેધડ વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યાનો પણ આક્ષેપ

### પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોશીનાં સરકાર પર શાબ્દિક પ્રહારો

અમદાવાદ, તા. ૧૨

વાયબ્રન્ટ–અગ્રેસર ગુજરાતના વચનો આપનાર ભાજપા શાસનમાં જમીન માફીયા, વ્યાજખોરો, ખનીજ માફીયા, ભ્રષ્ટાચારીઓ, નકલખોર અને નકલીઓ અગ્રેસર અને ખેડૂત, યુવાન, મહિલા, નાના વેપારી સહિત શિક્ષણ, આરોગ્ય, રોજગાર, સુરક્ષા, ખેતી ક્ષેત્રે પાછળ ધકેલાયા હોવાની વિગતો રજુ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપા સરકારના ગેરવહીવટ, આયોજનનો અભાવના પરિણામે ૩.૮૪ લાખ કરોડનું દેવા સાથે દેશમાં અગ્રીમ દેવાદાર રાજય બની ગયું છે. ૭૦થી વધુ નગરપાલિકા વિજબીલ ભરી શકતી નથી. સરકારી વિજ એકમોના ઉત્પાદનમાં સતત ઘટાડો અને ખાનગી વિજ કંપનીઓની લૂંટના કારણે ગુજરાતના નાગરિકો મોંઘી વિજબિલ ભરવા મજબૂર બન્યા છે. નબળા બાંધકામ, બેફામ ભ્રષ્ટાચાર, મળતિયાઓને આવાસની ફાળવણીનાં કારણે સાચા લાભાર્થી પરેશાન અનેક આવાસોની યોજના ૧૦ વર્ષમાં ખંડેર બની ગઈ છે. છેલ્લા ૧૦ વર્ષમાં આડેધડ વૃક્ષોનું નિકંદન નિકળી રહ્યું છે.

રાજયમાં ખેડૂતોને માત્ર ૬ કલાક જ વીજળી અને તે પણ રાત્રીના સમયે મળે છે તેવું ખેડૂતો વારંવાર જાહેરમાં કહી ચૂકયા છે. ગુજરાતના ખેડૂતો પર ૯૬૦૦૦ કરોડનું દેવું છે. કમોસમી વરસાદ, અતિવૃષ્ટિથી ગુજરાતની ખેડુત ખેતી બરબાદ થયા, ખેતીની જમીનમાં ઘટાડો, ખેતમજદૂરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. નુકસાન સામે નજીવું વળતર, અનેક જિલ્લાઓ–તાલુકામાં મોટી સંખ્યામાં ખેડૂતો નુકસાનીના વળતરથી વંચિત છે.

ગ્રામ્ય વિસ્તારની શાળાઓને બંધ કરવાના નિર્ણયથી કન્યા શિક્ષણ પર ગંભીર અસર પડી રહી છે, ગુજરાતમાં ૨૪ ટકા દિકરીઓને ધો.–૮ પછી માધ્યમિક અભ્યાસ છોડી દેવાની ફરજ પડી રહી છે. કુપોષણની મોટી સમસ્યા સામે જજુમતા ગુજરાતમાં ૫૫ ટકા મહિલાઓ અને ૪૫ ટકા બાળકો કુપોષણમાં સપડાયેલા છે. આંગણવાડી, આશાવર્કર, મધ્યાહન ભોજન સહિતની યોજનામાં ફરજ બજાવતી બહેનોનું મોટાપાયે આર્થિક શોષણ, નજીવુ વેતન ચુકવાઈ રહ્યું. સુપ્રિમ કોર્ટના આદેશ છતાં ભાજપ સરકાર અમલ કરતી નથી. ભુખમરા ગૂચકાંકમાં દેશમાં ગુજરાત ૨૫માં ક્રમાંકે જે અત્યંત ચિંતાજનક છે. વાઈબ્રન્ટ ગુજરાતના નામે કરોડો રૂપિયાના સરકારી લાભો મેળવનાર કંપનીઓના કાગળ પર એમઓયુ માત્ર ટકા ૮ થી ૧૦ ટકા જેટલું વાસ્તવિક પરિણામ દેખાઈ રહ્યું છે. જેમાંથી અમુક મોટી કંપનીઓ કરોડો રૂપિયાના લાભો લઈને દારૂની રેલમછેલ, ૧૮૦૦૦ ગામો, ૧૫૭ નગરપાલિકા અને ૮ મહાનગરો વિસ્તારમાં બેરોકટોક દારૂનો વેપલો ચાલી રહ્યાં છે. દૂધના ટેન્કરોને બદલે, દારૂના ટેન્કરો ઠલવાઈ રહ્યા છે. કરોડો રૂપિયાની ડ્રગ્સ માટે ગુજરાતનો દરિયા કિનારો ગેટ–વે બની ગયો છે જે ગુજરાત અને દેશ માટે ચિંતાનો વિષય છે. ફાર્મા કંપની–ચાંગોદર, સાણંદ, વડોદરા, અંકલેશ્વરથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાયું, ન પકડાયેલ અબજો રૂપિયાનું ડ્રગ્સ માટે જવાબદાર કોણ?

ત્રણ–ત્રણ વર્ષથી કલાકારોને અપાતી સહાય ચૂકવાઈ નથી. ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન/સહાયના નામે ભ્રષ્ટાચાર, ગેરરીતિની અનેક ફરિયાદો મળી રહી છે. રાજયમાં ૧૫ વર્ષ કરતા વધુ સમયથી શારીરિક શિક્ષણના, શિક્ષકો–લેકચરરોની નિમણુંક નહી, શું આ રીતે રમશે ગુજરાત ? રાજયમાં ૧૫ વર્ષ કરતા વધુ સમયથી લાયબ્રેરીયનની ભરતી કરવામાં આવી નથી, શું આ રીતે વાંચશે ગુજરાત ? રાજયમાં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ૪૦,૦૦૦ જેટલા શિક્ષકોની જગ્યા ખાલી, ૪૫ ટકાથી વધુ અધ્યાપકોની જગ્યા ખાલી, શું આ રીતે ભણશે ગુજરાત ? રાજયમાં સિવિલ હોસ્પિટલ–જિલ્લા હોસ્પિટલો–પ્રાથમીક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૫૫ ટકા કરતા વધુ ડોકટરોની જગ્યા ખાલી, શુ આ રીતે સ્વથ્ય રહેશે ગુજરાત ? રાજયમાં સિવિલ હોસ્પિટલ–જિલ્લા હોસ્પિટલો અને પ્રાથમીક અને સામૂહિક કેન્દ્રોમાં ફાર્માલીસ્ટ અને પેરામેડીકલ સ્ટાફની ૬૫ ટકા જગ્યાઓ ખાલી, આઉટસોર્સીગ અને કોન્ટ્રાકટના હવાલે આરોગ્ય સેવા, શું આ રીતે સ્વસ્થ રહેશે ગુજરાત ? દરરોજ ૬ મહિલા–દિકરીઓ પર થતા બળાત્કારની ઘટના, ખૂન–હત્યા–ખંડણી સહિતના ગંભીર ગુન્હાઓમાં થઈ રહેલા સતત વધારો, શું આ રીતે સલામત રહેશે ગુજરાત?

---

#### દિ'ઉગેને તાપમાનનો પારો ગગડી રહ્યો છે

## અમરેલી જિલ્લામાં કડકડતી ઠંડી શરૂ થતાં ઠેર–ઠેર તાપણા શરૂ કરવામાં આવ્યા

### આંબરડીનાં યુવાનો ઠંડીનો લ્હાવો લઈ રહ્યાં છે



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લા પંથકમાં ચાલુ સપ્તાહે કડકતી ઠંડી પડી રહી છે અને તાપમાનનો પારો વધુ અને વધુ નીચે જઈ રહ્યો છે ત્યારે અમરેલી શહેરમાં ચાલુ વર્ષે પ્રથમ વખત તાપમાનનો પારો ૧૧.૮ ડિગ્રી સુધી ગગડી ગયો હતો. સમગ્ર અમરેલી પંથકમાં શીત લહેર ફરી વળી છે. અને વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ છે. આમ તો સપ્તાહ પહેલા જ ઠંડીની શરૂઆત થઈ ગઈ હતી અને રોજ રોજ તાપમાનનો પારો વધીને વધુ નીચે જઈ રહ્યો છે. ગઈકાલે અમરેલી શહેરમાં ન્યૂનતમ તાપમાન ૧૧.૮ ડિગ્રી જેટલું નીચે ગયું હતું જયારે મહત્તમ તાપમાન પણ ૩૦ ડિગ્રીથી ઓછું ૨૮.૫ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૪૫% અને પવનની ગતિ પ્રતિ કલાક સરેરાશ ૭.૨ કિમી. રહી હતી. ગઈકાલ સાંજ કરતાં આજે પવનમાં આંશિક રાહત જોવા મળી હતી બીજી તરફ તંત્ર દ્વારા શીત લહેરની આગાહી કરવામાં આવી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આ આગાહી કરાતા અમરેલી જિલ્લા આપતી વ્યવસ્થા તંત્ર દ્વારા આગામી ૨૪ કલાકમાં શીત લહેરને પગલે શાળા–કોલેજ જતા વિદ્યાર્થીઓ, ખેતી કામ સાથે સંકળાયેલા લોકો, પશુપાલકો, દર્દીઓ, વૃદ્ધ અને નિરાધાર લોકો વિગેરેને શીત લહેર સામે રક્ષણ માટે પૂરતા યોગ્ય પગલાં લેવા અનુરોધ કરાયો છે. ગ્રામ્ય વિસ્તારો અને શહેરોની બજારમાં સાંજ પડતા જ રસ્તાઓ સુમસામ બની જાય છે. આકરી ઠંડીના પગલે જનજીવન પર પણ અસર વર્તાઈ છે અને સાંજ પડતા જ બજારમાં સોપો પડી જાય છે. શહેરમાં બપોરના સમયે પણ ટાઢો બોળ પવન ફૂંકાયો હતો. ત્યારે સાવરકુંડલા પંથકના આંબરડી સહિત ગીરકાંઠાના વિસ્તારોમાં લોકો રાત્રે ઠંડીથી બચવા તાપણાનો સહારો લઈ રહ્યા છે તો કેટલાક ઠંડીની મજા પણ માણી રહ્યા છે.

---

#### સહકારી શિરોમણી દિલીપ સંઘાણીનાં માર્ગદર્શનતળે

## દિલ્હી ખાતે યોજાયેલ ગ્લોબલ કોન્ફરન્સની સત્કાર વ્યવસ્થા ઉપર વિશ્વનાં અગ્રણીઓ ફીદા

### જેરોન ડગ્લાસ અને એરીયલ ગ્વારકોએ અભિનંદન પાઠવ્યા









અમરેલી, તા.૧૨

ભારત મંડપમ્–ન્યુ દિલ્હી ખાતે દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ધ્વારા આઈ.સી.એ. ગ્લોબલ કોન્ફરન્સનો પ્રારંભ કરવામાં આવેલ. જેમા ગૃહ–સહકાર મંત્રી અમીતભાઈ શાહ, ભુતાનના વડાપ્રધાન એચ.ઈ.દાસો શેરીંગ ટોબગે, ફિજીના નાયબ વડાપ્રધાન એચ.ઈ.માનો કામીકામીકા, આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકો, આઈ.સી.એ.ના ડાયરેકટર જનરલ જેરોન ડગ્લાસ, આઈ.સી.એ.એ.પી.ના અધ્યક્ષ ડો. ચંદ્રપાલસિંહ, નાફસ્કોબના અધ્યક્ષ રવિન્દ્ર રાવ સહિત વિશ્વના વિભિન્ન દેશોમાંથી પધારેલ મહાનુભાવોનું ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી ધ્વારા ભારતીય પરંપરા અનુસાર સ્વાગત–સત્કાર અને આતિથ્યથી પ્રભાવિત થયા હતા. તદ્ ઉપરાંત સમાપન સમારોહના હેતુપૂર્ણ અને અસરકારક ઉદ્બોધનથી પ્રભાવિત આઈ.સી.એ.ના ડાયરેકટર જનરલ જેરોન ડગ્લાસ અને આઈ.સી.એ.ના પ્રમુખ એરીયલ ગ્વારકો તરફથી દિલીપ સંઘાણીને દેશ વિદેશના રાષ્ટ્રીય સહકારી સંસ્થાના પ્રતિનિધિઓએ હાજરીમાં અભિનંદન પાઠવેલ હતા. તેમ અખબારી યાદીના અંતમાં જણાવાયેલ છે.

---

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગીતા જયંતી ઉત્સવની ઉજવણી



અમરેલી, તા. ૧૨

શિક્ષણ અને સંસ્કાર માટે સુપ્રસિધ્ધ એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગીતા જયંતિ નિમિતે ખુબ જ શ્રધ્ધા અને ભાવથી ગીતા જયંતિની ઉજવણી કરવામાં આવી.

ભગવાન કૃષ્ણ વિના માનવ માટે અર્જુનને નિમિત બનાવી શ્રીમદ ભગવદ વિચારો કહ્યા. તે વિના માનવ માટે આજે પણ એટલા જ ઉતમ માર્ગદર્શક છે. માનવની સમસ્યાઓના દેશ અને કાળના બંધન વગર આપેલ ઉકેલ આજે પણ પ્રસ્તુત છે. આજની પેઢી તેમાંથી પ્રેરણા અને જ્ઞાન પ્રાપ્ત કરે તેવા હેતુથી વિના એક માત્ર ધાર્મિક ગ્રંથ ભગવદ ગીતાનું પુજન ભાવ–ભકિતથી કરવામાં આવ્યું.

આ પૂજનમાં સંસ્થાનાં સંચાલક દીપકભાઈ વઘાસિયા, વિલાસબેન વઘાસિયા તથા સ્ટાફ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા . ગીતાનું પુષ્પોથી પૂજન કરી તેમાં રહેલા વિચારોનું મહત્વ સમજાવી તેમજ ગીતાના ૧૨માં અધ્યાયના શ્લોકનું સામુહિક પઠન કરવામાં આવ્યું હતું. ગીતાનું માર્ગદર્શન લઈને જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા કટિબદ્ધ થવા જણાવ્યું હતું.

---

## સાવરકુંડલા બાર એસોસિએશનના નવા હોદ્દેદારોની બિનહરીફ વરણી



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા બાર એસોશિએશનમાં નવી હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આ વરણીમાં પ્રમુખ તરીકે જુબેરભાઈ ચૌહાણને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા છે. ઉપપ્રમુખ તરીકે અસ્લમ એ. ઝાંખરા તથા અનિભાઈ વિંઝુડા તેમજ મહિલા ઉપપ્રમુખ તરીકે નીતાબેન સરવૈયા તથા સેક્રેટરી તરીકે જયંતભાઈ હેલૈયા જોઈન્ટ સેક્રટરી તરિકે પ્રકાશભાઈ મહીડા તથા લાયબ્રેરિયન તરીકે બચુભાઈ રાઠોડ અને ખજાનચી તરીકે પાયલબેન ગઢીયાની વરણી કરવામાં આવેલ છે. આ નવી યુવા ટીમ વકીલ મંડળ માટે અનેક ઉપયોગી કામો કરશે એવી આશા રાખવામાં આવે છે. આ નવી ટીમ વકીલોના હિતોનું રક્ષણ કરશે. આ નવી ટીમને અભિનંદન અને તેમના ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

---

#### દુબઈ સ્થિત મહેશભાઈ દેસાઈ દ્વારા

## અમરેલીમાં સારહિ તપોવન આશ્રમમાં જન્મદિને સેવાકાર્ય

### સંસ્થાના પ્રમુખ મુકેશ સંઘાણીને શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૧૨

મહેશભાઈ જગુરામજી દેસાણી (દુબઈ)ના જન્મ દિવસ નિમિતે સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતાં તપસ્વીઓને સાંજે ભોજન પ્રસાદ કરાવવામાં આવ્યું.

સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી.

આ અવસરે સારહી પરીવાર વતી ઋજુલભાઈ ગોંડલીયા નરેન્દ્રભાઈ રામદેવપુત્રા, કુંજભાઈ રામદેવપુત્રા ઉપસ્થિતિ રહેલ.

---

## ધારી ગીરમાં કેસર કેરીનું આગમન



ધારી, તા. ૧૨

આજે ધારી APMC ખાતે જે.બી ઢોલાની પેઢીમાં કેસર કેરીની આવક થઈ હતી. જેનો એક કિલોનો ખુલ્લી હરાજીમાં ભાવ ૩૪૦ જોવા મળ્યો હતો.

આ સીઝન અમુક આંબાના ઝાડ આખતર હોય ધારી વિસ્તારમાં વહેલાસર કેરીની આવક જોવા મળી હતી.

---

#### જૂની પાલિકાના બિલ્ડીંગ પાસે આવેલ મુતરડીમાં ગંદકીના ગંજથી લોકો પરેશાન

## બગસરામાં સ્વચ્છતા અભિયાનનાં માહોલ જાહેર મુતરડીમાં બેફામ ગંદકી

### વિરોધ પક્ષે સોશ્યલ મીડિયા દ્વારા પાલિકાની બેદરકારી સામે લાવી





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૨

બગસરા પાલિકા દ્વારા બનાવામાં આવેલ મુતરડીમાં ગંદકીથી ત્રાસી ગયેલા લોકો દ્વારા પલિકાને અરજી આપવામાં આવી હતી કે વેપારીઓ માટે આ વિસ્તરમાં એક માત્ર મુતરડી આવેલી છે તે પણ અતિ ભયંકર દુર્ગંધ યુકત અને ગંદકીથી ખદબદતી મુતરડીથી ત્રાહિમામ પોકારી ગયેલા છે. તેમ છતાં ચીફ ઓફિસર પાલિકાના સતાધિશોને કોઈ પણ પ્રકારની પડી ના હોય તેમ લાગી રહેલ છે. અનેકવાર વેપારીઓ દ્વારા ફરિયાદ કરવામાં આવેલ છે પરંતુ આખ આડા કાન કરે છે જયારે એક તરફ પાલિકા સફાઈના નારા ગાઈ રહેલ છે સારા સારા ફોટા પડાવી ચોખ્ખી જગ્યાના અને નગરપાલિકાની એપમાં ચડાવે છે જયારે બીજી તરફ મુતરડીમાં ગંદકીથી ખદબદી રહેલ છે જેના હિસાબે એટલી હદે દુર્ગંધ ફેલાઈ રહેલી છે કે જેના હિસાબે વેપારીઓને પોતાની દુકાનમાં ધંધો કરવો પણ મુશ્કેલ બની ગયેલ છે. જયારે પાલિકાના સતાધિશો દ્વારા કાલે સફાઈ કરાવી દેશું એવા મસ મોટા વચનો આપી રહેલા છે પરંતુ સફાઈના નામે મીંડું ફેરવી રહેલી છે. કોઈ સફાઈ કરવા ફરકતું પણ નથી જયારે આ બાબતે વિરોધ પક્ષ દ્વારા પણ સોસીયલ મિડયામાં લાઈવ વિડીયો મૂકીને પણ આ અઘોર તંત્રની આખો ખોલવાનો પણ પ્રયાશ પણ કરેલ હતો તેમ છતાં સતાધિશોનું પેટનું પાણી પણ હાલતુ નથી. જેના હિસાબે વેપારીઓમાં પણ નરાજગી જોવા મળી હતી. અને તત્કાલ પાલિકા દ્વારા આ મુતરડીને તત્કાલ સફાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### યુવા ધારાસભ્યનો ૨ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં માત્ર ૩ દિવસમાં

# અમરેલી પંથકમાં રૂપિયા ૨.૩૫ કરોડનાં કામોનું ભૂમિપૂજન અને લોકાર્પણ

**વેણીવદર ગામને રૂપિયા ૮૦ લાખનાં ખર્ચે માઈનોર બ્રીજની ભેટ મળી**

**કમીગઢમાં રૂપિયા ૧.૨૫ કરોડનાં ખર્ચે તૈયાર થનાર કેરાળા માર્ગનું રિસર્ફેસીંગનું ખાતમુર્હુત કર્યુ**

**શેડુભારમાં રૂપિયા ૩૦ લાખનાં ખર્ચે તૈયાર થનાર સ્માર્ટ કલાસરૂમનું ભૂમિપૂજન**

**વિવિધ કાર્યક્રમોમાં સ્થાનિક આગેવાનો અને ગામજનો ઉપસ્થિત રહ્યા**







અમરેલી, તા. ૧૨

વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક અને અમરેલી–વડિયા–કુંકાવાવનાં ધારાસભ્ય તરીકે કૌશિકભાઈ વેકરિયાએ સેવા–સંકલ્પ–સમર્પણનાં બે વર્ષ પૂર્ણ થવાના અવસરે છેલ્લા ૩ દિવસમાં અમરેલી–વડિયા–કુંકાવાવ વિધાનસભાના મતવિસ્તારમાં ૨.૩૫ કરોડ રૂપિયાનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કર્યુ હતું.

ધારાસભ્યએ વેણીવદર ખાતે અંદાજિત રૂા. ૮૦ લાખના ખર્ચે તૈયાર થયેલ નવનિર્મિત માઈનોર બ્રિજનું લોકાર્પણ કર્યુ હતું. માર્ગ મકાનનાં કામોથી કનેકિટવિટીમાં વધારો થાય છે અને ગ્રામ્ય વિસ્તારનું પરિવહન વધુ સુદ્રઢ બને છે આ ઉદેશ્ય સાથે નિર્મિત માઈનોર બ્રીજના લોકાર્પણ થયું. તાલુકા પંચાયત સદસ્ય પ્રતિનિધિ દિલીપભાઈ સાવલિયા, યુવા મોરચાના ઉપપ્રમુખ ચેતનભાઈ ધાનાણી, સરપંચો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તાજેતરમાં જ મત વિસ્તારનાં કમીગઢ ખાતે રૂા. ૧.૨૫ કરોડનાં ખર્ચે તૈયાર થનાર કમીગઢ –કેરાળા રિસરફેસિંગ રોડનું ખાતમુર્હુત કર્યુ હતું. રિસરફેસિંગ માટે સ્થાનિક રજૂઆતોને પગલે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ આ માંગણીને યોગ્ય મંચ પર રજૂ કરી અને રિસરફેસિંગનું કામ મંજૂર કરાવ્યું હતું.

"શિક્ષણ અથવા કેળવણી એ દરેક યુગની જરૂરિયાત છે" આ મૂળ મંત્રને અનુલક્ષીને મતવિસ્તારના દરેક ગામમાં અને અમરેલી–કુંકાવાવ તેમજ વડિયા નગરમાં શાળાઓમાં નવા સ્માર્ટ કલાસરૂમ અને ઓરડાઓ બાંધવામાં આવી રહ્યા છે. શિક્ષણના ડિજિટલાઈઝેશન સ્વરૂપને વેગવંતુ બનાવવા મતવિસ્તારમાં આવેલ શેડુભાર ખાતે અંદાજિત રૂા. ૩૦ લાખના ખર્ચે તૈયાર થનાર નવા કલાસરૂમનું ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું.

આમ સેવા સંકલ્પ અને સમર્ણણ થકી બે વર્ષ દરમિયાન અમરેલીને કરોડો રૂપિયાનાં વિકાસ પ્રકલ્પોની ભેટ આપી નાયબ મુખ્ય દંડક તરીકે અને ધારાસભ્ય તરીકે કૌશિકભાઈ વેકરિયાએ આરંભેલું અભિયાન આગામી દિવસોમાં પણ આ જ ગતિથી આગળ વધતુ રહેશે તેવો નિર્ધાર વ્યકત કર્યો હતો.

---

### મોઢ વણિક અને પારેખ વિદ્યાર્થી ગૃહનાં ઉપક્રમે

## અમરેલીની મોઢ મહાજન વાડી ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

**૬૮ જેટલા આંખના દર્દીઓએ લાભ લીધો**



અમરેલી, તા. ૧૨

અમરેલી મોઢ મહાજન વાડી ખાતે મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી તથા પારેખ રણછોડ દેવચંદ વિદ્યાર્થીગૃહ તેમજ નેત્રાલયના સંયુકત ઉપક્રમે વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો. આ કેમ્પ જ્ઞાતી પ્રમુખ દિલીપભાઈ પરીખના માર્ગદર્શન નીચે થયેલ આ કેમ્પનું ઉદઘાટન પરેશભાઈ પારેખ (સુપ્રી.એન્જી જીઈબી) દ્વારા થયેલ. આ તકે બાલસુરક્ષા અધિકારી વિશાલભાઈ જોશી, રાજુભાઈ પરિખ, હિરેનભાઈ પરિખ, સંજયભાઈ પરિખ, રવિભાઈ પારેખ, ભગીરથીબેન ઉપસ્થિત રહેલ. સંસ્થાનો આ ચોથો કેમ્પ હતો. તેમજ ભાવિ કેમ્પોમાં બહારગામ વસતા મોઢ વણિક જ્ઞાતીના દર્દીઓને બે દિવસ રહેવાની વ્યવસ્થા વિનામુલ્યે કરી આપવામાં આવશે. આ કેમ્પમાં ૬૮ લાભાર્થીઓએ લાભ લીધેલ જેમાં ૩૩ મોતીયાના ઓપરેશન તથા ૨ વેલના દર્દીઓ હતા. મોતીયાના દર્દીઓનું વિનામુલ્યે સુદર્શન નેત્રાલય દ્વારા કરી આપવામાં આવશે. ચશ્મા રાહતદરે આપવામાં આવેલ આંખનું ચેકીંગ કરી માર્ગદર્શન આપવામાં આવેલ દર મહિનાના બીજા ગુરૂવાર ૧૪/૮/૨૫ સુધી આ કેમ્પ એક વર્ષ સુધી થશે. તેમજ સુદર્શન નેત્રાલયના બહાદુરભાઈએ સારી સેવાઓ આપેલ તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

---

### માર્ગમાં શ્વાન આડે આવી જતાં

## બાબરાનાં યુવકનું બાઈક સ્લીપ થતાં કમકમાટીભર્યુ મોત થયું

**ફેન્સીંગ પોલ સાથે માથુ ભટકાયું**

અમરેલી, તા. ૧૨

ગારીયાધાર તાલુકાના અકતરીયા ગામે રહેતા દીલાવરખાન મહમદખાન બ્લોચનો ભત્રીજો ઈનાયતભાઈ નવાબખાન ભોજવાણી (ઉ.વ.૨૫) રહે. બાબરાવાળા ગત તા. ૫ ના રાત્રીના આશરે આઠેક વાગ્યાની આસપાસ પાંડરશીંગા ગામ પાસે વળાંકમાં પોતાના હવાલાવાળા બુલેટ મોટર સાયકલ નં. જી.જે.–૧૪ એઆર–૦૦૭૭ ને બેફીકેરાઈથી ચલાવી રોડ ઉપર કુતરૂ આડુ ઉતરતા મોટર સાયકલ પરનો કાબુ ગુમાવી બેસતા મોટર સાયકલ રોડની નીચે ઉતરી જતા વાડીની તારની ફેન્સીંગના પોલ સાથે માથું ભટકાતા માથાના ભાગે ગંભીર ઈજા થતા ઈનાયતભાઈ નવાબખાન ભોજવાણીનું મોત નિપજાવી તથા મોટર સાયકલની પાછળ બેસેલને મુંઢ ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

### વડનગર વિસ્તારની ઘટના

## રાજુલામાં દંપત્તિ વચ્ચે તકરાર થતાં પતિએ પત્નીને માર મારતા ફરિયાદ

**ઝગડાની વાત પિયરમાં કરતાં હોવાથી પત્ની પર હુમલો**

અમરેલી, તા. ૧૨

રાજુલા ગામે આવેલ આંબેડકર સર્કલ પાસેના વડનગર વિસ્તારમાં રહેતા દયાબેન દીપકભાઈ બાબરીયા નામની ૨૮ વર્ષિય પરિણીતા તથા આરોપી દીપકભાઈ રામજીભાઈ બાબરીયા બંન્ને પતિ–પત્નિ થતા હોય. પતિએ પોતાની પત્નિને કહેલ કે આપડે ઝઘડો થાય છે તે વાતની જાણ તારા માતા–પિતાને કેમ કરે છે ? તેમ કહી પોતાની પત્નિને જેમ ફાવે તેમ ગાળો આપી એલ્યુમીનિયમ પટ્ટી વડે પત્નિને પગના ભાગે, પીઠના ભાગે, માથાના ભાગે તથા જમણા હાથના ભાગે માર મારી માથામાં તથા હાથમાં ઈજા પહોંચાડી પત્નિને અવાર–નવાર શારિરીક તથા માનસિક દુઃખ ત્રાસ આપી પત્નિને અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયેલ છે. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.






















### મહારાષ્ટ્ર કેબિનેટ રેસ

# દિલ્હીમાં બેઠકોનો રાઉન્ડઅપ અજિત પવાર સંસદ ભવનમાં અમિત શાહને મળ્યા

## એનસીપી ફરી એકવાર મહાગઠબંધન સરકારમાં નાણાં સહિત તેના જૂના વિભાગો લેવા માંગે છે

મહારાષ્ટ્ર,તા.૧૨

મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર બની ગઈ છે અને સત્તાની વહેંચણીની ફોર્મ્યુલા પર સર્વસંમતિને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પછી, NCP વડા અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પણ ગુરુવારે સવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા. આ બેઠક સંસદ ભવનમાં અમિત શાહની ઓફિસમાં થઈ હતી. NCP સાંસદ પ્રફુલ પટેલ પણ અજિત પવાર સાથે હતા.

ત્રણેય નેતાઓ વચ્ચે લાંબા સમય સુધી વાતચીત ચાલી. એવું માનવામાં આવે છે કે એનસીપી ફરી એકવાર મહાગઠબંધન સરકારમાં નાણાં સહિત તેના જૂના વિભાગો લેવા માંગે છે. અજિત પવારે કહ્યું કે કેબિનેટનું વિસ્તરણ ૧૪ ડિસેમ્બરે થવાનું છે. અગાઉ અજિત પવાર, તેમની પત્ની સુનેત્રા પવાર અને પ્રફુલ પટેલ, છગન ભુજબળ સહિતના પક્ષના નેતાઓ એનસીપી (એસપી)ના વડા શરદ પવારને દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મળ્યા હતા અને તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. આ પહેલા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ બુધવારે સાંજે દિલ્હી પહોંચ્યા હતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના નિવાસસ્થાને કેબિનેટ વિભાજન અંગે લાંબી ચર્ચા કરી હતી. આ દરમિયાન બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા પણ ત્યાં હતા. મહારાષ્ટ્રની ચૂંટણીમાં બીજેપીની આગેવાની હેઠળના ગઠબંધને જંગી જીત હાંસલ કરી છે. ભાજપે ૧૩૨, શિવસેના ૫૭, દ્બઝઁ ૪૧ બેઠકો જીતી છે. ૨૩ નવેમ્બરે પરિણામો આવ્યા અને ૫ ડિસેમ્બરે ફડણવીસે સીએમ તરીકે, એકનાથ શિંદે અને અજિત પવારે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. હવે કેબિનેટ વિસ્તરણની તૈયારીઓ ચાલી રહી છે. મહારાષ્ટ્રમાં ૧૪મી ડિસેમ્બરે નવા મંત્રીમંડળના સભ્યોનો શપથ ગ્રહણ કાર્યક્રમ છે. ૧૬મી ડિસેમ્બરથી વિધાનસભાનું શિયાળુ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે.

મહારાષ્ટ્રમાં કુલ ૨૮૮ સીટો છે. સરકારમાં કુલ ૪૩ મંત્રીઓનો સમાવેશ થઈ શકે છે. ભાજપ ૨૦ મંત્રી પદ જાળવી રાખવાની તૈયારી કરી રહ્યું છે. એકનાથ શિંદેની પાર્ટીને ૧૨ અને અજિત પવારની પાર્ટીને ૧૦ મંત્રાલયો આપવાની તૈયારી ચાલી રહી છે.

### દેશભરમાં ઠંડા પવનોએ તેની અસર દેખાવાનું શરૂ

# યુપીમાં વરસાદ,બિહારમાં ધુમ્મસ છવાયું, ૧૦ જિલ્લામાં પારો ગગડ્યો

## રાજ્યોમાં લઘુત્તમ તાપમાન ઘણું નીચું નોંધાયું છે હવામાન વિભાગે ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં કોલ્ડવેવ એલર્ટ જાહેર કર્યું છે

લખનઉ,તા.૧૨

દેશભરમાં ઠંડા પવનોએ તેની અસર દેખાવાનું શરૂ કર્યું છે. ઠંડા પવનોને કારણે ઘણા રાજ્યોમાં લઘુત્તમ તાપમાન ઘણું નીચું નોંધાયું છે. હવામાન વિભાગે ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં કોલ્ડવેવ એલર્ટ જાહેર કર્યું છે. આ શ્રેણીમાં ઉત્તર પ્રદેશમાં આગામી ૫ દિવસ સુધી વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. તે જ સમયે, બિહારના ઘણા જિલ્લાઓમાં વરસાદની સાથે ગાઢ ધુમ્મસ પણ પડી શકે છે. આગામી દિવસોમાં બંને રાજ્યોના હવામાનમાં ઝડપથી ફેરફાર થવાની સંભાવના છે.

હવામાન વિભાગે ઉત્તર પ્રદેશના ઘણા જિલ્લાઓમાં વરસાદ અને ગાઢ ધુમ્મસની ચેતવણી જારી કરી છે. ગાઢ ધુમ્મસની સાથે સાથે રાજ્યમાં ઠંડા પવનોથી હવામાનનો મિજાજ પણ બદલાશે. લખીમપુર ખેરી, સીતાપુર, હરદોઈ, વારાણસી. ગોરખપુર, લખનૌ, કાનપુર, મુરાદાબાદ, અમરોહા, મેરઠ, સહારનપુર અને મુઝફ્ફરનગરમાં ગાઢ ધુમ્મસ જોવા મળશે. જે જિલ્લાઓમાં વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે તેમાં મુઝફ્ફરનગર, મેરઠ, મુરાદાબાદ, અમરોહા, રામપુર, ગાઝિયાબાદ, હાપુડ, બુલંદશહર, સંભલ, મથુરા, પીલીભીત, બરેલી, લખીમપુર ખેરી, બદાઉન, શાહજહાંપુર, અલીગઢ અને હાથરસનો સમાવેશ થાય છે.બિહાર હવામાન

IMD અનુસાર, બિહારના ઘણા જિલ્લાઓમાં આગામી ૭ દિવસમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે ૧૦ ડિસેમ્બરથી ૧૭ ડિસેમ્બર માટે આ એલર્ટ જાહેર કર્યું છે. બિહારના જે જિલ્લાઓમાં વરસાદ થઈ શકે છે તેમાં મુંગેર, બાંકા જમુઈ, ભાગલપુર અને ખાગરિયાનો સમાવેશ થાય છે. જ્યાં ધુમ્મસ રહેશે તે જિલ્લાઓમાં સુપૌલ, ભાગલપુર, મુંગેર, બાંકા મધેપુરા, સહરસા, ખગરિયા, મુઝફ્ફરપુર, કિશનગંજ, સમસ્તીપુર, વૈશાલી, સીતામઢી, શિવહર, દરભંગા, અરરિયા અને મધુબની છે. આગામી દિવસોમાં તે ૪ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી શકે છે.

તે જ સમયે, જે જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ હશે તેમાં પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, સહરસા, મધેપુરા, સુપૌલ, અરરિયા, પૂર્ણિયા, કિશનગંજ, કટિહારનો સમાવેશ થાય છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ કલાક દરમિયાન આ જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાયેલો રહી શકે છે.

### મુલાકાત માટે કાયદો અને વ્યવસ્થા કડક કરવામાં આવી

# હાથરસ પહોંચ્યા રાહુલ ગાંધી પીડિત પરિવાર સાથે કરી મુલાકાત

## સુરક્ષાને ધ્યાનમાં રાખીને હાથરસના બૂલગઢી ગામમાં વધારાના પોલીસ દળોને તૈનાત કરવામાં આવ્યા છે

હાથરસ,તા.૧૨

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાથરસ પહોંચ્યા હતા. તેઓ અહીં પીડિતાના પરિવારના સભ્યોને મળ્યા હતા. રાહુલ ગાંધીની હાથરસ મુલાકાત માટે કાયદો અને વ્યવસ્થા કડક કરવામાં આવી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને હાથરસના બૂલગઢી ગામમાં વધારાના પોલીસ દળોને તૈનાત કરવામાં આવ્યા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, પીડિતાના પરિવારે થોડા દિવસો પહેલા રાહુલ ગાંધીનો સંપર્ક કર્યો હતો અને તેમને કહ્યું હતું કે ઘટના બાદ યુપી સરકાર દ્વારા નોકરી અને ઘરનું વચન પૂરું કરવામાં આવ્યું નથી. પીડિત પરિવારને સુરક્ષા આપવામાં આવી છે. તેમણે કહ્યું કે સુરક્ષાના કારણોસર તેમની અટકાયત કરવામાં આવી હતી.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની હાથરસની મુલાકાતના ચાર વર્ષ બાદ આ મુદ્દો ફરી એકવાર સામે આવ્યો છે. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ હાથરસમાં એક યુવતી પર તેના ગામના કેટલાક લોકોએ બળાત્કાર ગુજાર્યો હતો, સારવાર દરમિયાન યુવતી મૃત્યુ પામી હતી. આ કેસમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ૩ ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ પરિવારને મળ્યા હતા અને જાહેરાત કરી હતી કે તેઓ મૃતકને ન્યાય અપાવવા માટે લડશે. ૩૦ ઓક્ટોબરની સવારે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેણીના પરિવારે આક્ષેપ કર્યો હતો કે સ્થાનિક પોલીસે તેમને રાત્રે અંતિમ સંસ્કાર કરવા માટે દબાણ કર્યું હતું.ભાજપે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની હાથરસ મુલાકાતના સમય પર સવાલ ઉઠાવ્યા છે. આ પહેલા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ૨૪ નવેમ્બરે થયેલી હિંસામાં માર્યા ગયેલા પાંચ લોકોના પરિવારોને મળ્યા હતા. બીજેપીએ કહ્યું કે સંભલ હોય કે હાથરસ, તેઓ (રાહુલ ગાંધી) ત્યાં માત્ર લાઈમલાઈટમાં રહેવા માટે જાય છે, અન્ય કોઈ કારણોસર નહીં.

### અરવિંદ કેજરીવાલે મહિલાઓ માટે મોટી જાહેરાત કરી

# દિલ્હીની મહિલાઓને ચૂંટણી પછી દર મહિને ૨૧૦૦ રૂપિયા આપવામાં આવશે

નવી દિલ્હી,તા.૧૨

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે મહિલાઓ માટે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે હું દિલ્હીના લોકો માટે બે મોટી જાહેરાત કરવા આવ્યો છું. બંને દિલ્હીની મહિલાઓ માટે છે. મેં દરેક મહિલાના ખાતામાં ૧૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. દિલ્હી કેબિનેટે તેને પાસ કરી દીધો છે. આ યોજના દિલ્હીમાં લાગુ કરવામાં આવી છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે આ યોજનાનો લાભ લેવા માટે હવે મહિલાઓએ રજીસ્ટ્રેશન કરાવવું પડશે. રજીસ્ટ્રેશન બાદ મહિલાઓના ખાતામાં પૈસા આવવા લાગશે. તેમણે કહ્યું કે દિલ્હીની મહિલાઓને ચૂંટણી પછી દર મહિને ૨૧૦૦ રૂપિયા આપવામાં આવશે. આવતીકાલથી ૨૧૦૦ રૂપિયા પ્રતિ માસમાં રજીસ્ટ્રેશન શરૂ થશે.

પૂર્વ સીએમ કેજરીવાલે કહ્યું કે ભાજપના લોકો કહે છે કે પૈસા ક્યાંથી આવશે. જ્યારે હું મફત વીજળી આપતો હતો ત્યારે પણ તેઓ આવું જ કહેતા હતા. હું જે કહું તે કરું છું. યોજના અમલમાં આવી છે પરંતુ ચૂંટણી બાદ ખાતામાં પૈસા આવશે. કેજરીવાલે કહ્યું કે આ માટે રજીસ્ટ્રેશન શુક્રવારથી શરૂ થશે.

આ રજિસ્ટ્રેશન ૧૦૦૦ રૂપિયામાં નહીં પરંતુ ૨૧૦૦ રૂપિયામાં થશે. ચૂંટણી પછી તમારા ખાતામાં ૧૦૦૦ નહીં પરંતુ ૨૧૦૦ રૂપિયા આવશે. ચૂંટણી જીતીને જ્યારે અમારી સરકાર બનશે ત્યારે મહિલાઓના ખાતામાં દર મહિને ૨૧૦૦ રૂપિયા મોકલવામાં આવશે. ભાજપના લોકો પૂછે તો કહે કે મારો ભાઈ જાદુગર છે. લાકડી લહેરાવશે અને પૈસા લાવશે.

પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે અમે માર્ચમાં આ યોજનાની જાહેરાત કરી હતી. હું વિચારતો હતો કે તેઓ એપ્રિલ-મેમાં તેનો અમલ કરશે પરંતુ તેઓએ મને જેલમાં મોકલી દીધો. એટલે મોડું થયું. લોકોનું કહેવું છે કે આ યોજનાથી દિલ્હી સરકાર પર બોજ પડશે. પરંતુ મને લાગે છે કે તે આશીર્વાદ હશે. તમને મહિલાઓ તરફથી આશીર્વાદ મળશે.

### હાલ સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે

# રોડ અકસ્માતના ખરાબ રેકોર્ડના કારણે વિશ્વ સંમેલનોમાં મોં છુપાવવું પડે છે':ગડકરી

## મંત્રાલયના તમામ પ્રયાસો છતાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થયો નથી પરંતુ તેમાં વધારો થયો છે

નવીદિલ્હી,તા.૧૨

હાલ સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ સંસદમાં કહ્યું કે રોડ અકસ્માતો અંગે ભારતનો રેકોર્ડ એટલો ખરાબ છે કે તેમને વિશ્વ પરિષદોમાં મોં છુપાવવું પડે છે. ગૃહમાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, તેમના મંત્રાલયના તમામ પ્રયાસો છતાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થયો નથી પરંતુ તેમાં વધારો થયો છે.તેમણે કહ્યું, જ્યાં સુધી સમાજ મદદ નહીં કરે, માનવ વર્તન બદલાશે નહીં અને કાયદાનો ભય નહીં રહે ત્યાં સુધી દેશમાં માર્ગ અકસ્માતો પર અંકુશ નહીં આવે. દેશમાં માર્ગ અકસ્માતોની સંખ્યા ઝડપથી વધી રહી છે. દર વર્ષે આવા અકસ્માતોમાં ૧.૭૦ લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે. ઘણા લોકો યુદ્ધમાં મરતા નથી, કોવિડમાં મરતા નથી, રમખાણોમાં મરતા નથી પણ અકસ્માતમાં મરે છે.ભારતના રોડ અકસ્માતના ખરાબ રેકોર્ડના કારણે જ્યારે હું વિશ્વ પરિષદોમાં જાઉં છું ત્યારે મોં છુપાવવું પડે છે. અકસ્માત સમયસર જીવ બચાવી શકાય તેવી સારવાર ન મળવાના કારણે ૩૦ ટકા લોકો મૃત્યુ પામે છે. આપણી પાસે અકસ્માતોનો સૌથી ખરાબ રેકોર્ડ છે. તેમણે સાંસદોને માર્ગ અકસ્માતો અટકાવવા માટે તેમના સ્તરે શ્રેષ્ઠ પ્રયાસો કરવા જણાવ્યું હતું. નીતિ આયોગે અહેવાલ આપ્યો છે કે ૩૦ ટકા માર્ગ અકસ્માત પીડિતો જીવનરક્ષક સારવારના અભાવને કારણે મૃત્યુ પામે છે. તેથી, સારવાર માટે કેશલેસ યોજના શરૂ કરવામાં આવી છે. આ પાયલોટ પ્રોજેક્ટ ઉત્તર પ્રદેશમાં શરૂ કરવામાં આવી રહ્યો છે અને સમગ્ર દેશમાં તેનો અમલ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે ભારત વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જ્યાં ડ્રાઈવિંગ લાઈસન્સ સરળતાથી ઉપલબ્ધ છે. અમે તેમાં સુધારો કરી રહ્યા છીએ. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સાંસદોને માર્ગ અકસ્માતો અટકાવવા અને સમાજને જાગૃત કરવા માટે પ્રયાસો કરવા જણાવ્યું હતું.નીતિન ગડકરીએ લોકસભામાં જણાવ્યું હતું કે દેશમાં દર વર્ષે ૧.૭૮ લાખ લોકો માર્ગ અકસ્માતોમાં મૃત્યુ પામે છે. તેમાંથી ૬૦ ટકા લોકો ૧૮-૩૪ વર્ષની વય જૂથના છે. ઘણા લોકો હેલ્મેટ વગર ટૂ-વ્હીલર ચલાવી રહ્યા છે. કેટલાક લોકો રેડ સિગ્નલનું ઉલ્લંઘન કરે છે. આ એક વિચિત્ર સ્થિતિ છે. માર્ગ અકસ્માતો અંગેના આઘાતજનક આંકડાઓ પર પૂરક પ્રશ્નોના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માતોને કારણે થતા મૃત્યુમાં ઉત્તરપ્રદેશ મોખરે છે, જ્યારે શહેરોમાં આવા મૃત્યુમાં દિલ્હી ટોચ પર છે.

### ભારતીય રેલવેનો મોટો નિર્ણય

# સ્પેશિયલ ટ્રેનોમાં ૧૨,૦૦૦ જનરલ કોચ ઉમેરવાની જાહેરાત કરી

## ભારતીય રેલ્વે આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના પરિવારો માટે વધુ સારી સેવાઓ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે

નવીદિલ્હી,તા.૧૨

ભારતીય રેલ્વે, દેશભરના લાખો લોકો માટે મુસાફરીનું પ્રાથમિક માધ્યમ છે, ખાસ કરીને તહેવારો અને શિયાળા જેવી પીક સીઝનમાં મુસાફરોને સમાવવામાં નોંધપાત્ર પડકારોનો સામનો કરે છે. ટ્રેન મુસાફરીની વધતી માંગ સાથે, સરકારે પ્રવાસીઓ પરનો બોજ ઓછો કરવા માટે સ્પેશિયલ ટ્રેનોમાં ૧૨,૦૦૦ જનરલ કોચ ઉમેરવાની જાહેરાત કરી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે સંસદમાં આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું, "ભારતીય રેલ્વે આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગના પરિવારો માટે વધુ સારી સેવાઓ પૂરી પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ વર્ષે, રેલ્વેએ અંદાજે ૧૨,૦૦૦ સામાન્ય કોચ દાખલ કરવાનો નિર્ણય લીધો છે.''આ પહેલ મુખ્યત્વે સામાન્ય કોચમાં મુસાફરી કરતા મુસાફરોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે, એક કેટેગરી જ્યાં ટિકિટ સુરક્ષિત કરવી એક મોટો પડકાર બની શકે છે. આ ઉપરાંત, મુસાફરોની સુવિધામાં વધુ સુધારો કરવા માટે આ વર્ષે ૯૦૦ વધારાના જનરલ કોચ ઉમેરવામાં આવ્યા છે. સરકારે એમ પણ જણાવ્યું હતું કે વેઈટલિસ્ટ ટિકિટો પર કેન્સલેશન ફી સહિત તમામ સ્ત્રોતોમાંથી થતી આવકનો ઉપયોગ ઓપરેશનલ અને મેઈન્ટેનન્સ ખર્ચને આવરી લેવા માટે થાય છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે લોકસભામાં વેઈટલિસ્ટ ટિકિટો પર કેન્સલેશન ફી અંગેના પ્રશ્નોને સંબોધતા સ્પષ્ટતા કરી કે, રેલ્વે પેસેન્જર (ટિકિટ કેન્સલેશન અને રિફંડ) રૂલ્સ ૨૦૧૫ હેઠળ, IRCTC વેબસાઈટ દ્વારા રદ કરાયેલ તમામ વેઈટલિસ્ટ ટિકિટો પર કેન્સલેશન ફી લાગુ થાય છે.

સમાજવાદી પાર્ટીના સાંસદ ઈકરા ચૌધરીએ સીટની અનુપલબ્ધતાને કારણે રદ કરાયેલ વેઈટલિસ્ટ ટિકિટો પર કેન્સલેશન ચાર્જ અંગે ઉઠાવેલા પ્રશ્નના જવાબમાં, વૈષ્ણવે સમજાવ્યું કે એડવાન્સ રિઝર્વેશન સમયગાળા દરમિયાન, જ્યારે "Confirm/RAC'' ટિકિટ રદ કરવામાં આવે છે, ત્યારે Waitlis ટિકિટ જારી કરવામાં આવે છે. ખાલી બેઠક. વધુમાં, વેઈટલિસ્ટ ટિકિટ ધરાવતા મુસાફરો અપડેટેડ સ્કીમ હેઠળ અપગ્રેડ અથવા વૈકલ્પિક ટ્રેનમાં ટ્રાન્સફર કરી શકે છે. કેન્સલેશન ફીમાંથી થતી આવક અંગેના પ્રશ્ન અંગે વૈષ્ણવે જણાવ્યું હતું કે ટિકિટ કેન્સલેશનથી થતી આવકને અલગથી ટ્રેક કરવામાં આવતી નથી.

# એનસીપી પ્રમુખ શરદ પવાર પોતાનો ૮૫મો જન્મદિવસ ઉજવી રહ્યા છે

## મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને એનસીપી પ્રમુખ અજિત પવાર પણ તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવવા તેમના નિવાસસ્થાને પહોંચ્યા

નવી દિલ્હી,તા.૧૨

એનસીપી પ્રમુખ શરદ પવાર આજે પોતાનો ૮૫મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને એનસીપી પ્રમુખ અજિત પવાર પણ તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવવા તેમના નિવાસસ્થાને પહોંચ્યા હતા. શરદ પવાર હાલમાં દિલ્હીમાં છે. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર પણ હાજર રહ્યા હતા. ફડણવીસ અને અજિત પવાર સાથે જન્મદિવસની શુભકામના આપવા જતાં અનેક પ્રકારની અટકળોએ વહેતી થઈ હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર એનસીપી પ્રમુખને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. તેમણે લખ્યું, રાજ્યસભાના સાંસદ અને વરિષ્ઠ નેતા શરદ પવારને જન્મદિવસની શુભેચ્છાઓ. હું તેમના લાંબા અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરું છું. આ ખાસ પ્રસંગે શરદ પવારે પક્ષના કાર્યકરો અને નેતાઓ સાથે મુલાકાત કરી હતી અને તેમની સાથે તસવીરો પણ પાડી હતી.

તાજેતરમાં સંપન્ન થયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં એનસીપી-એસપી ગઠબંધનને માત્ર ૧૦ બેઠકો મળી હતી. મહાવિકાસ અઘાડી (કોંગ્રેસ, એનસીપી-એસપી, શિવસેના-યુબીટી) એ ૪૬ બેઠકો જીતી હતી.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૧૩૨થી વધુ બેઠકો મળી હતી. બીજી તરફ એકનાથ શિંદેની શિવસેનાએ ૫૭ બેઠકો અને અજિત પવારની એનસીપીએ ૪૧ બેઠકો જીતી હતી. મહા વિકાસ અઘાડીએ માત્ર ૪૬ બેઠકો જીતી હતી. કોંગ્રેસને ૧૬ અને શિવસેનાને ૨૦ બેઠકો મળી હતી.

### સંસદમાંથી સંયુક્ત સંસદીય સમિતિ ને ચર્ચા માટે મોકલવામાં આવશે

# વન નેશન – વન ઈલેક્શન' બિલને મોદી કેબિનેટની મંજૂરી, ગુજરાતમાં ચૂંટણી વહેલી થવાની શક્યતા

## પ્રથમ તબક્કામાં વિધાનસભા અને લોકસભા ચૂંટણી એકસાથે યોજાશે આ પછી ૧૦૦ દિવસમાં બીજા તબક્કામાં નાગરિક ચૂંટણીઓ યોજાશે

નવીદિલ્હી,તા.૧૨

કેન્દ્રીય કેબિનેટે 'વન નેશન-વન ઈલેક્શન'ના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સૂત્રો મૂજબ આ બિલ આવતા સપ્તાહે સંસદમાં રજૂ કરવામાં આવી શકે છે. સરકાર આ બિલ પર સર્વસંમતિ બનાવવા માગે છે, તેથી આ બિલને સંસદમાંથી સંયુક્ત સંસદીય સમિતિ ને ચર્ચા માટે મોકલવામાં આવશે. જેપીસી 'વન નેશન-વન ઈલેક્શન'ના બિલ પર તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરશે. જો આવું થયું તો ગુજરાતમાં ચૂંટણી વહેલી થવાના શક્યતા છે. કેન્દ્રીય કેબિનેટે અગાઉ સપ્ટેમ્બરમાં 'વન નેશન-વન ઈલેક્શન'ના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, 'પ્રથમ તબક્કામાં વિધાનસભા અને લોકસભા ચૂંટણી એકસાથે યોજાશે. આ પછી ૧૦૦ દિવસમાં બીજા તબક્કામાં નાગરિક ચૂંટણીઓ યોજાશે.'પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં 'વન નેશન-વન ઈલેક્શન' પર વિચાર કરવા માટે ૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ એક પેનલની રચના કરવામાં આવી હતી. આ પેનલે હિતધારકો-નિષ્ણાતો સાથે ચર્ચા કર્યા બાદ અને ૧૯૧ દિવસના સંશોધન બાદ ૧૪ માર્ચે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને 'વન નેશન-વન ઈલેક્શન' નો રિપોર્ટ સોંપ્યો હતો.'વન નેશન-વન ઈલેક્શન' કમિટીના રિપોર્ટ અનુસાર, 'વન નેશન-વન ઈલેક્શન' લાગુ કરવા માટે અનેક રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ ઘટાડવામાં આવશે. જે રાજ્યોમાં ૨૦૨૩ના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, ત્યાં તેમનો કાર્યકાળ લંબાવી શકાય છે. જો તમામ પક્ષો લો કમિશનની દરખાસ્ત સાથે સહમત થશે તો તેને ૨૦૨૯ થી જ લાગુ કરવામાં આવશે. આ માટે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં ૨૫ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજવી જોઈશે.વન નેશન-વન ઈલેક્શન' કમિટિના ૫ મુખ્ય સૂચનો

૧ ભારતની આગામી લોકસભા ચૂંટણી એટલે કે ૨૦૨૯ સુધી તમામ રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ લંબાવવો જોઈશે.

૨ દેશની ત્રિશંકુ વિધાનસભા (કોઈની પાસે બહુમતી નથી તેવી) અને અવિશ્વાસની દરખાસ્તના કિસ્સામાં બાકીની ૫-વર્ષની મુદત માટે નવી ચૂંટણીઓ યોજવામાં આવી શકાય છે.

૩ દેશમાં પહેલા તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થઈ શકે છે, ત્યારબાદ બીજા તબક્કામાં ૧૦૦ દિવસની અંદર સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી થઈ શકે છે.

૪ ચૂંટણી પંચ લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે રાજ્ય ચૂંટણી સત્તાવાળાઓ સાથે પરામર્શ કરીને એક જ મતદાર યાદી અને મતદાર ઓળખ કાર્ડ તૈયાર કરાવે તો. ૫ કોવિંદ પેનલે એકસાથે ચૂંટણી યોજવા માટે સાધનો, માનવબળ અને સુરક્ષા દળોના આગોતરા આયોજનની ભલામણ કરી છે.મતદાન નવેમ્બર ૨૦૨૫માં પ્રથમ તબક્કોઃ ૬ રાજ્ય,બિહાર વર્તમાન કાર્યકાળ પૂર્ણ થશે. બાદમાં માત્ર સાડાત્રણ વર્ષ ચાલશે.

આસામ, કેરળ, તામિલનાડ, પ. બંગાળ અને પુડુચેરીના વર્તમાન કાર્યકાળમાં ૩ વર્ષ અને ૭ મહિનાનો ઘટાડો થશે. એ પછીનો કાર્યકાળ પણ સાડાત્રણ વર્ષનો રહેશે.મતદાન ડિસેમ્બર ૨૦૨૬માં બીજો તબક્કોઃ ૧૧ રાજ્ય,ઉત્તરપ્રદેશ, ગોવા, મણિપુર, પંજાબ અને ઉત્તરાખંડ વર્તમાન કાર્યકાળમાં ૩થી ૫ મહિનાનો ઘટાડો થશે. એ પછી એ અઢી વર્ષ થશે.ગુજરાત, કર્ણાટક, હિમાચલ, મેઘાલય, નાગાલેન્ડ, ત્રિપુરામાં હાલ કાર્યકાળ ૧૩થી ૧૭ મહિના ઘટશે. પછી સવા બે વર્ષનો રહેશે.''વન નેશન-વન ઈલેક્શન'' એટલે શું?

વર્તમાનમાં ભારતમાં રાજ્યની વિધાનસભા અને દેશની લોકસભાની ચૂંટણીઓ અલગ-અલગ સમયે યોજાય છે. જેમ કે 'વન નેશન-વન ઈલેક્શન'નો મતલબ એ છે કે સમગ્ર દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે થાય. 'વન નેશન-વન ઈલેક્શન' એટલે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓના સભ્યોને ચૂંટવા માટે મતદારો એક જ દિવસે, એક જ સમયે અથવા તબક્કાવાર મતદાન કરે તે. ભારતમાં આઝાદી પછી, ઈ.સ. ૧૯૫૨, ૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭ માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજાઈ હતી, પરંતુ ૧૯૬૮ અને ૧૯૬૯ માંઘણી વિધાનસભાઓ સમય પહેલા વિસર્જન કરવામાં આવી હતી . ત્યારબાદ ૧૯૭૦માં લોકસભા પણ ભંગ કરવામાં આવી હતી. જેના કારણે 'વન નેશન-વન ઈલેક્શન'ની પરંપરા તૂટી ગઈ હતી.

### શિંદેને મનાવવા ભાજપના પ્રયાસ

# મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે અમિત શાહ સાથે લાંબી મુલાકાત કરી

## દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર જ દિલ્હી આવ્યા. અમિત શાહ અને જેપી નડ્ડા સાથે આ મુદ્દે બેઠક પર કરી દીધી

મુંબઈ,તા.૧૨

મહારાષ્ટ્રમાં કેબિનેટ વિસ્તરણ અંગે ચર્ચા કરવા દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિત પવાર સાથે દિલ્હી આવવાના હતા. પરંતુ બુધવારે બપોરે દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર જ દિલ્હી આવ્યા. અમિત શાહ અને જેપી નડ્ડા સાથે આ મુદ્દે બેઠક પર કરી દીધી. જો કે, અજિત પવાર સાથે અમિત શાહે અલગથી બેઠક કરી હતી. જ્યારે ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે આ બેઠક અને ચર્ચાનો ભાગ બન્યા નથી. જેના લીધે અટકળો ચાલી રહી છે કે, શું એકનાથ શિંદે ફરીથી ગુસ્સે થયા છે અને તેઓ માત્ર પોતાનો વિરોધ નોંધાવવા દિલ્હી ગયા નથી. મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે અમિત શાહ સાથે લાંબી મુલાકાત કરી હતી. સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે,ચાલુ બેઠકમાં જ દેવેન્દ્ર ફડણવીસે એકનાથ શિંદેને ફોન કર્યો હતો. બાદમાં, બંને નેતાઓ વચ્ચે કેબિનેટ વિસ્તરણ અને વિભાગોના વિભાજન મુદ્દે વાતચીત થઈ હતી.

પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેને એકનાથ શિંદેના ઘરે મોકલવામાં આવ્યા હતા. તેમણે જ એકનાથ શિંદે સાથે વાત કરાવી હતી. તો શું શિંદેને મનપસંદ મંત્રાલય ન ફાળવવામાં આવતા તેઓ ફોન પણ ઉપાડી રહ્યા નથી? એવી અટકળો પણ વહેતી થઈ છે. સૂત્રોનું કહેવું છે કે એકનાથ શિંદેને ગૃહ મંત્રાલય ન અપાયું હોવા છતાં તેમનેં ઉદ્ધ અને મહેસૂલ મંત્રાલય આપીને ખુશ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

અમિત શાહ પાસે બેઠેલા દેવેન્દ્ર ફડણવીસે ફોન પર આ જ ઓફર આપી હતી. હાલમાં એ જાણી શકાયું નથી કે એકનાથ શિંદેનું સ્ટેન્ડ શું છે. પરંતુ તેના વલણ પરથી સ્પષ્ટ છે કે તે કમ્ફર્ટેબલ નથી. બુધવારે અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસ સાથે ગયા હતા અને બંને વચ્ચે સારો તાલમેલ જોવા મળી રહ્યો છે. એવું માનવામાં આવે છે કે એકનાથ શિંદેની નારાજગીનો લાભ અજિત પવારને થઈ રહ્યો છે. તેમને લાગે છે કે શિવસેનાને અજિત પવાર કરતા વધારે મંત્રીઓ મળવા જોઈએ. અત્યાર સુધીની માહિતી મુજબ ભાજપ ૨૦ થી ૨૨ વિભાગ પોતાની પાસે રાખવા માંગે છે. આ સિવાય શિવસેના અને એનસીપીને ૧૦-૧૦ મંત્રાલયો આપવા તૈયાર છે.

પરંતુ એકનાથ શિંદે જૂથનું કહેવું છે કે અમારી પાસે ઓછામાં ઓછા ૧૨ વિભાગ હોવા જોઈએ. કારણ કે અમે એક મોટી પાર્ટી અને ભાજપના જૂના સાથી છીએ. આ ખેંચતાણ વચ્ચે અજિત પવાર સૌથી વધુ ફાયદામાં હોવાનું જણાય છે. તેઓ અધવચ્ચે એકનાથ શિંદે સરકારમાં જોડાયા હતા અને હવે તેઓ ભાજપની ખૂબ નજીક આવી ગયા છે. ફડણવીસે પણ તાજેતરમાં કહ્યું હતું કે અજિત પવાર વ્યવહારુ છે, જ્યારે એકનાથ શિંદે લાગણીશીલ છે. બંને નેતાઓ સાથે કામ કરવામાં તેમને કોઈ સમસ્યા નથી.

### 'ભારતીય સંસદમાં વિક્ષેપ જોવું ખૂબ જ દુઃખદ છે

# સંસદમાં નેતાઓને બખેડા મુદ્દે સદગુરૂ જગ્ગી વાસુદેવે નારાજગી વ્યક્ત કરી

## સદગુરુના આ નિવેદને દેશમાં રાજનીતિ અને લોકશાહીની સ્થિતિ પર એક નવી ચર્ચાને જન્મ આપ્યો છે

મુંબઈ,તા.૧૨

સદગુરુ જગ્ગી વાસુદેવે સતત સંસદની કાર્યવાહી સ્થગિત થવા પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. ગુરુવારે તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા કહ્યું કે, 'ભારતીય સંસદમાં વિક્ષેપ જોવું ખૂબ જ દુઃખદ છે, ખાસ કરીને ત્યારે જ્યારે ભારત વિશ્વમાં લોકશાહીનું પ્રતીક બનવાનું સ્વપ્ન જોઈ રહ્યું છે. ભારતના સંપત્તિ સર્જકો અને નોકરી આપનારાઓને રાજનીતિક નિવેદનોનો હિસ્સો ન બનાવવો જોઈએ. જો કોઈ વિસંગતતા હોય તો તેને કાયદા હેઠળ ઉકેલવી જોઈએ, પરંતુ તેને રાજકીય ફૂટબોલ ન બનાવવો જોઈએ.' સદગુરુએ ભારતીય વ્યવસાયોને આગળ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, વ્યવસાયના વિકાસથી જ ભારત પોતાના ગૌરવશાળી ભવિષ્ય તરફ આગળ વધી શકે છે. સંસદમાં થઈ રહેલા સતત હોબાળાના કારણે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા નથી થઈ રહી. સદગુરુના આ નિવેદને દેશમાં રાજનીતિ અને લોકશાહીની સ્થિતિ પર એક નવી ચર્ચાને જન્મ આપ્યો છે.

શિયાળુ સત્ર દરમિયાન સંસદમાં ચાલી રહેલા હોબાળાને કારણે અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા નથી રહી. સત્તારુઢ પક્ષ અને વિપક્ષ બંને એકબીજા પર સંસદને સ્થગિત કરવાનો આરોપ લગાવી રહ્યા છે. જ્યાં સત્તારુઢ પક્ષનું કહેવું છે કે વિપક્ષ ગૃહને ચાલવા નથી દઈ રહ્યું તો બીજી તરફ વિપક્ષનો આરોપ છે કે, સત્તારુઢ પક્ષ પોતે જ હોબાળો કરીને કાર્યવાહીને સ્થગિત કરી રહ્યો છે. આ મડાગાંઠ સંસદની કાર્યવાહીને સતત અસર કરી રહી છે.

### દેશમાં ૧૩૦૦ સ્ટેશનની કાયાપલટ કરાઈ રહી છે

# અમદાવાદનું નવું કાલુપુર રેલવે સ્ટેશન દેશમાં ક્યાંય નહીં એવું બનશે

**આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય સ્ટેશનને વિશ્વ-કક્ષાના મલ્ટિ-મોડલ ટ્રાન્ઝિટ હબમાં પરિવર્તિત કરવાનો છે**

અમદાવાદ,તા.૧૨

PM મોદીના ૨૦૪૭ના વિઝનને ધ્યાને રાખી દેશમાં અર્થયંત્રને વેગ આપતી રેલવેનો વિકાસ કરાઈ રહ્યો છે. જ્યાં દેશમાં ૧૩૦૦ સ્ટેશનની કાયાપલટ કરાઈ રહી છે. જેમાં અમદાવાદમાં ૩ મેજર અને ૧૬ નાના રેલવે સ્ટેશન અપગ્રેડેશન કરાઈ રહ્યા છે. જે ૩ મેજર સ્ટેશનમાં એક ભુજ, સાબરમતી અને કાલુપુર રેલવે સ્ટેશન જે રાજ્યનું સૌથી મોટું સ્ટેશન છે. તેનું ૨૩૦૦ કરોડ ઉપર ખર્ચે ડેવલપમેન્ટ કરાઈ રહ્યું છે. કાલુપુર રેલ્વે સ્ટેશન તરીકે પ્રખ્યાત અમદાવાદ રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય સ્ટેશનને વિશ્વ-કક્ષાના મલ્ટિ-મોડલ ટ્રાન્ઝિટ હબમાં પરિવર્તિત કરવાનો છે.

અમદાવાદનું કાલુપુર રેલવે સ્ટેશન એરપોર્ટ ને પણ ટક્કર મારે અને મુસાફરોને અગણિત સુવિધા મળે તે રીતે ડેવલપ કરાઈ રહ્યું છે. જ્યાં આલ્ફા વન મોલ કરતા પણ મોટું પાર્કિંગ બનશે તેમજ રેલવે- મેટ્રો અને બુલેટ રેન સહિત તમામ ટ્રાન્સપોર્ટેશન સુવિધા પણ એકબીજા સાથે કનેક્ટ હશે. અમદાવાદ કાલુપુર અને સાબરમતી રેલ્વે સ્ટેશનના રિડેવલોપમેન્ટની કામગીરીની રેલવે ડીઆરએમએ મુલાકાત લીધી હતી. અને જણાવ્યું હતું કે કાલપુર રેલવે સ્ટેશનમાં વિવિધ સુવિધા સાથે વિશ્વસ્તરીય બનાવવા માટે યાત્રિકોને વિવિધ સુવિધાઓ સાથે અમદાવાદ રેલવે સ્ટેશન પર યાત્રિકોને સામાન્ય ટ્રેન, મેટ્રો રેલ અને બૂલેટ ટ્રેનની સુવિધા એક સાથે મળશે.આગામી ત્રણ વર્ષમાં તમામ રેલવે સ્ટેશનનું કામ પૂર્ણ કરવામાં આવશે. જેમાં ખાસ કરીને અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનને એક વિશ્વસ્તરીય પરિવહન કેન્દ્ર બનાવવા માટે મુખ્ય બિલ્ડીંગ, પાર્સલ વિભાગ, રસ્તા સહિતની સુવિધા માટે આશરે ૨૩૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાલ બુલેટ ટ્રેનના કામને લઈ ત્રણ પ્લેટફોર્મ બંધ કરવામાં આવ્યાં છે ત્યારે સ્ટેશનનું નવીનિકરણનું કામ પૂર્ણ થતાં ૧૨ સ્ટેશન ફરી કાર્યરત કરવામાં આવશે. દરેક પ્લેટ ફોર્મ પર ૪ લિફ્ટ અને ૪ એક્સેલેટર મુકવામાં આવશે.

કાલુપુર વિસ્તાર ખુબ ગીચતા વાળો વિસ્તાર હોવાથી કાલુપુર બ્રિજથી સારંગપુર બ્રિજ સુધી ૬ લેન એલિવેશન બ્રિજ બનાવવામાં આવશે. જેના માધ્યમથી યાત્રિકો બ્રિજ ઉપરથી સીધા રેલવે સ્ટેશન પરથી અવર- જવર કરી શકશે. અમદાવાદનું રેલવે મથક ભારતનું પ્રથમ એવું સ્ટેશન બનશે, જ્યાંથી મુસાફરોને સામાન્ય ટ્રેન, મેટ્રો રેલ અને બૂલેટ ટ્રેનની સુવિધા એક જ સ્થળેથી ઉપલબ્ધ થશે.

### નદીઓ–ઝરણાઓ થીજી ગયા

# જમ્મુ–કાશ્મીરમાં માઈનસ ૨૨ ડિગ્રી ઠંડી નોંધાઈ

**દક્ષિણ કાશ્મીરની વાત કરીએ તો શોપિયાં ત્યાંનો સૌથી ઠંડો વિસ્તાર હતો, શોપિયાંમાં તાપમાન માઈનસ ૬.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું**

નવી દિલ્હી, તા.૧૨

દેશના મેદાની વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે કાશ્મીરમાં હાડ થીજાવી દેનારી ઠંડી પડી રહી છે. શીત લહેર અહીં સતત તબાહી મચાવી રહી છે. લઘુત્તમ તાપમાન માઈનસ ૩ થી માઈનસ ૨૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. જમ્મુ અને કાશ્મીરની રાજધાનીમાં માઈનસ ૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, યારે ઝોજિલામાં તાપમાન માઈનસ ૨૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. નદીઓ ઝરણાઓ થીજી ગયા હતા. દક્ષિણ કાશ્મીરની વાત કરીએ તો શોપિયાં ત્યાંનો સૌથી ઠંડો વિસ્તાર હતો. શોપિયાંમાં તાપમાન માઈનસ ૬.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બીજી તરફ લેહની સ્થિતિ કાશ્મીર કરતાં પણ ખરાબ છે. લેહમાં તાપમાન માઈનસ ૧૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું.કડકડતી ઠંડીએ ખીણ પર પણ તેની પકડ મજબૂત કરી દીધી છે અને શુષ્ક મોસમ વચ્ચે તાપમાન વધુ નીચે ગયું હતું.શ્રીનગર સહિત લગભગ તમામ સ્થળોએ લોકોએ સિઝનની સૌથી ઠંડી રાત વિતાવી. અહીં, હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૨૪ કલાક દરમિયાન ખીણમાં હવામાન સૂકું રહેશે અને આ દરમિયાન તીવ્ર ઠંડી યથાવત રહેશે.ઉલ્લેખનીય છે કે તાજેતરમાં પહાડોમાં થયેલી હિમવર્ષા બાદ ખીણમાં હવામાન સૂકું રહ્યું છે, જો કે સૂકી સિઝનમાં તાપમાનનો પારો સતત નીચે જઈ રહ્યો છે જેના કારણે સમગ્ર ખીણમાં તીવ્ર ઠંડી પડી રહી છે.

દરમિયાન, હવામાન વિભાગે પણ આગાહી કરી છે કે ખીણમાં હવામાનની પેટર્ન ૧૮ ડિસેમ્બર સુધી આવી જ રહેશે.શ્રીનગરમાં નોંધાયેલ લઘુત્તમ તાપમાન –૫.૪ ડિગ્રી સેલ્સિયસ હતું, જે વર્તમાન સિઝનમાં શ્રીનગરમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન છે. બીજી તરફ, ગુલમર્ગમાં લઘુત્તમ તાપમાન –૯.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે વર્તમાન શિયાળામાં ગુલમર્ગમાં અત્યાર સુધીનું સૌથી ઓછું તાપમાન છે.વર્તમાન શિયાળાનું સૌથી ઓછું લઘુત્તમ તાપમાન કાઝીગુંડમાં –૬.૪ ડિગ્રી સેલ્સિયસ, પહેલગામમાં –૮.૪, કુપવાડામાં –૪.૫ અને કુકરનાગમાં –૪.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

### બે વર્ષની ઉજવણી દિને શ્રમિકો માટેનો સુવિધાજનક પ્રકલ્પ સાકાર

# CM ભૂપેન્દ્ર પટેલ દ્વારા અમદાવાદ ખાતે રાજ્યના પ્રથમ 'શ્રમિક સુવિધા કેન્દ્ર'નું લોકાર્પણ

**અમદાવાદમાં અન્ય ૧૦ સહિત રાજ્યભરમાં આવા શ્રમિક સુવિધા કેન્દ્રો બનાવવાની સરકારની નેમ**

અમદાવાદ,તા.૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પ્રથમ શ્રમિક સુવિધા કેન્દ્રનું અમદાવાદમાં લોકાર્પણ કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'શ્રમેવ જયતે' મંત્રને ચરિતાર્થ કર્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારના બે વર્ષની ઉજવણી નિમિત્તે અમદાવાદમાં શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કરીને રાજ્યના શ્રમિકોને આગવી ભેટ સરકારે આપી છે.

અમદાવાદ શહેરના કડિયાનાકે રોજગાર અને કોન્ટ્રાક્ટચ્યુલ લેબર વર્ક માટે એકઠા થતા શ્રમિકો માટે આ સુવિધા કેન્દ્ર ભોજન અને રિફ્રેશમેન્ટ માટેનું આગવું સ્થળ બની રહેશે. અમદાવાદમાં કુલ ૧૧ સહિત રાજ્યભરમાં આવા શ્રમિક સુવિધા કેન્દ્રો બનાવવાની રાજ્ય સરકારની નેમ છે. શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને જમવા માટેના ઓટલા, વોશરૂમ સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. માત્ર એટલું જ નહીં, લેબર કોન્ટ્રાક્ટર્સ અહી આવીને જરૂરિયાત મુજબના શ્રમિકોને શોધી – મળી શકે છે, સાથે-સાથે શ્રમિકોને તેનું મહેનતાણું આપી શકે તે માટે પણ આ કેન્દ્રનો ઉપયોગ થઈ શકશે. કડિયાનાકે જાહેર માર્ગ પર ઉભા રહેવાને બદલે હવે આ શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને શ્રમિકો ટાઢ તાપ કે વરસાદથી રક્ષણ મેળવશે.

મુખ્યમંત્રીએ શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કર્યું તે સ્થળે અમદાવાદનું ૯૯મું અને રાજ્યનું ૨૯૧ મું શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીએ આ તકે શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રમાં જઈને શ્રમિકોને ભોજન પીરસ્યું હતું. રાજ્યભરમાં હજુ વધુ ૯૯ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર બનાવવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક છે. જેમાં શ્રમિકોને રાહત દરે ભોજન, ચા, અને હવે રિફ્રેશમેન્ટ, આરામ કરવા અને એકઠા થવા માટેનું સુવિધાજનક સ્થળ મળતા રાજ્યમાં શ્રમને સન્માન આપવાની પરિપાટી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં વધુ સુદ્રઢ થઈ છે.અમદાવાદ ખાતેના કાર્યક્રમમાં અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન, ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, અમદાવાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગભાઈ દાણી, મ્યુનિસિપલ કમિશનર એમ.થેન્નારસન, વિસ્તારના ધારાસભ્ય પાયલ કુકરાણી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ, પોલીસ કર્મીઓ તેમજ શ્રમિકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે

# બિહારમાં બોગસ નામો પર ૪ લાખથી વધુ નકલી જન્મ-મરણ સર્ટિફિકેટ બનાવાયાનો ધડાકો

**બોગસ નામો અને સરનામાં પર ચાર લાખથી વધુ નકલી જન્મ અને ૫,૦૦૦ નકલી મૃત્યુ પ્રમાણપત્રો બનાવવામાં આવ્યા હતા.**

લખનઉ,તા.૧૨

યુપીના રાયબરેલીના સેલોન ડેવલપમેન્ટ બ્લોકમાં જુલાઈ મહિનામાં વ્યાપક સાંઠગાંઠ દ્વારા યુપીના ઓછામાં ઓછા ૨૯ અને બિહારના ૧૩ જિલ્લાઓમાં બોગસ નામો અને સરનામાં પર ચાર લાખથી વધુ નકલી જન્મ અને ૫,૦૦૦ નકલી મૃત્યુ પ્રમાણપત્રો બનાવવામાં આવ્યા હતા. ચાર મહિનાની તપાસ બાદ આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. યુપી પોલીસ અને અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓ પાસે હવે આ પ્રમાણપત્રોના લાભાર્થીઓને ઓળખવાનું અને તેમના દુરુપયોગની તપાસ કરવાનું મુશ્કેલ કાર્ય બાકી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન બિહારના દરભંગાના કિંગપિન રવિકેશ લાલ યાદવ સહિત ૧૭ આરોપીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. સેલોનમાં નકલી જન્મ પ્રમાણપત્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો જ્યારે રાષ્ટ્રીય તપાસ એજન્સી એ જુલાઈમાં વિવિધ રાજ્યોમાંથી ધરપકડ કરાયેલા કેટલાક બાંગ્લાદેશી નાગરિકો સહિત કેટલાક લોકો પાસેથી દસ્તાવેજો પુનઃપ્રાપ્ત કર્યા પછી ૧૨ ગામોના 'બોગસ' સરનામાંઓ પર બનેલા ચોક્કસ પ્રમાણપત્રોને રેડ ફ્લેગ કર્યા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે સરકારની સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમ પોર્ટલનો દુરુપયોગ કરીને સેલોન ડેવલપમેન્ટ બ્લોકના ચાર ગામોના સરનામા પર ૧૯,૧૮૪ નકલી જન્મ પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા હતા.

૧૭ જુલાઈના રોજ, સેલોન સહાયક વિકાસ અધિકારી, જિતેન્દ્ર સિંહે સલોન પોલીસ સ્ટેશનમાં ગ્રામ વિકાસ અધિકારી , વિજય યાદવ, જન સુવિધા કેન્દ્રના સંચાલક, જીશાન અને તેના પુત્ર રિયાઝ અને એક સગીર વિરુદ્ધ ફ્રૈંઈ નોંધાવી હતી. તપાસ દરમિયાન ચાર નામના આરોપીઓ અને ૧૩ અન્ય જેમાં યુપી નેક્સસના મુખ્ય સૂત્રધાર ગોવિંદ કેસરી જે સોનભદ્રમાં જન સુવિધા કેન્દ્રના સંચાલક હતા તેમજ આવા ૧૧ અન્ય ઓપરેટરોની ધરપકડ કરવામાં આવી હતી અને કેસમાં ચાર્જશીટ કરવામાં આવી હતી.રાયબરેલી પોલીસના જણાવ્યા અનુસાર, તમામ આરોપીઓ પર ભારતીય ન્યાય સંહિતા , ૨૦૨૩ કલમ ૩૧૮ (૪) છેતરપિંડી માટે, ૩૧૯ (૨) ઢોંગ કરીને છેતરપિંડી કરવા માટે, ૩૩૬ (૩) ઈલેક્ટ્રોનિક રેકોર્ડ બનાવટી દસ્તાવેજ બનાવવા માટે, ૩૩૭ મૂલ્યવાન સુરક્ષાની બનાવટી માટે ૩૩૮ અને બનાવટી દસ્તાવેજનો ઉપયોગ કરવા માટે ૩૪૦ (૨) અથવા ઈલેક્ટ્રોનિક રેકોર્ડ અસલી તરીકે ઉપયોગ કરવા અંગેનો ગુનો નોંધાયો છે.

### ન્યૂઝીલેન્ડના પૂર્વ ક્રિકેટરનો મોટો ખુલાસો

# હું ભારતમાં મેચ ફિક્સિંગની જાળમાં ફસાયો અને કરિયર ખતમ થયું'

**૪૬ વર્ષીય વિન્સેન્ટે ૨૦૦૦ના દાયકાની સૌથી મજબૂત ટીમ ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ક્રિકેટમાં સદી ફટકારીને કારકિર્દીની શરૂઆત કરી હતી**

નવી દિલ્હી, તા.૧૨

ન્યૂઝીલેન્ડના પૂર્વ ક્રિકેટરે મેચ ફિક્સિંગને લઈને એક મોટો ખુલાસો કર્યો છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ બેટર લૂ વિન્સેન્ટનું કહેવું છે કે, હું ભારતના પ્રવાસ દરમિયાન મેચ ફિક્સિંગની જાળમાં ફસાઈ ગયો હતો. ૨૦૦૦ના દાયકાના અંતમાં હું ઈન્ડિયન ક્રિકેટ લીગ દરમિયાન મેચ ફિક્સિંગની દુનિયામાં ફસાઈ ગયો. ૪૬ વર્ષીય વિન્સેન્ટે ૨૦૦૦ના દાયકાની સૌથી મજબૂત ટીમ ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ક્રિકેટમાં સદી ફટકારીને કારકિર્દીની શરૂઆત કરી હતી. જો કે આ પછી તે ડિપ્રેશનનો ભોગ બની ગયો હતો. અને તે મેચ ફિક્સિંગની દુનિયામાં જતો રહ્યો હતો. આ કારણે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી ૨૯ વર્ષની ઉંમરે જ ખતમ થઈ ગઈ. એક ઈન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું હતું કે, 'હું પ્રોફેશનલ ખેલાડી બની શકું તેટલો માનસિક રીતે મજબૂત ન હતો. તેથી ૨૮ વર્ષની ઉંમરે હું ખૂબ જ હતાશ થઈ ગયો હતો. અને પછી હું ભારત ગયો હતો. જ્યાં મને મેચ ફિક્સિંગની દુનિયામાં ધકેલી દેવામાં આવ્યો હતો.' પારિવારિક સ્થિતિ સારી ન હોવાને કારણે વિન્સેન્ટ હંમેશા તેની આસપાસ ભાવનાત્મક લોકો શોધતો હતો અને અંતે તેને ભ્રષ્ટાચારની ગંદી દુનિયામાં તે સહારો મળ્યો. તે હાલમાં ન્યુઝીલેન્ડ પ્લેયર્સ એસોસિએશનની ભ્રષ્ટાચાર વિરોધી શિક્ષણ પહેલમાં સામેલ છે. વિન્સેન્ટના કહેવા પ્રમાણે, 'મેં ૧૨ વર્ષની ઉંમરથી જ પોતાનું ભરણપોષણ કરવાનું ચાલુ કરી દીધું હતું. અને તેથી જ હું હંમેશા મારી આસપાસના લોકો દ્વારા ગેરમાર્ગે દોરાયો હતો. હું પ્રેમ શોધતો હતો અને તેથી જ હું સરળતાથી ભટકાઈ ગયો. જ્યારે તમે એ દુનિયાનો હિસ્સો બની જાવ છો તો તેમાંથી બહાર નીકળવું સરળ નથી. તેનાથી હંમેશા ખતરો રહે છે. કારણ કે તે તમને અને તમારા પરિવારને સારી રીતે જાણે છે.'

### રાજ્યમાં મહેસૂલી સેવાઓ ઓનલાઈન છે

# ગુજરાતમાં જમીન માપણીની અરજીનો ૨૧ દિવસમાં જ નિકાલ કરવા આદેશ

**વિલંબ ઘટાડવા અને અરજદારોની સંખ્યામાં વધારો કરવા પગલાં લેવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે**

અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં મહેસૂલ વિભાગે પ્રોપર્ટી કાર્ડ બનાવવા અને ખેતીની જમીનને બિન-કૃષિ-એનએમાં રૂપાંતરિત કરવા અને જમીન અથવા શેરના વેચાણ માટે, વિલંબ ઘટાડવા અને અરજદારોની સંખ્યામાં વધારો કરવા પગલાં લેવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે

સોમવારે પ્રસિદ્ધ થયેલા પરિપત્રમાં જમીનના હિસ્સાની માપણી માટેની અરજીમાં ફી મળ્યાના ૨૧ દિવસમાં માપણી પૂર્ણ કરવા અથવા આવી અરજીનો નિકાલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગના નાયબ સચિવ પ્રેરક પટેલ દ્વારા સહી કરાયેલા પરિપત્રમાં તમામ કલેક્ટર અને જમીન માપણી કચેરીના અધિકારીઓને સોમવારથી જ તેનો અમલ કરવા જણાવ્યું હતું.

પરિપત્રમાં જણાવાયું છે કે રાજ્યમાં મહેસૂલી સેવાઓ ઓનલાઈન છે. જ્યાં જમીન કચેરીઓની હદ, શેર અને શેરની માપણી માટે અરજી કરવાની પ્રક્રિયા IORA પોર્ટલ પર કરવામાં આવે છે. હાલમાં, જો જમીનના વેચાણમાં ૭/૧૨ નો કોઈ શેર અથવા કોઈ ચોક્કસ શેર વેચવામાં આવે તો, વેચાણ હેઠળના તે શેર માટે 'શેર માપણી' કરવાની રહેશે. જેના માટે ગામ નમૂના નંબર ૭ ની બે બાજુઓ અલગ કરવા માટે હાલની તાત્કાલિક માપણી માટે ૩૦ દિવસ અને સામાન્ય માપણી માટે ૬૦ દિવસ છે.

મહેસૂલ વિભાગે હવે તેનો સમય ઘટાડીને ૨૧ દિવસ કરી દીધો છે. આથી હવેથી ગામ નમુના નં.૭માં કોઈપણ જમીન વેચવામાં આવે તો તે કિસ્સામાં 'શેર માપણી માટેની અરજી તાત્કાલિક' માપણી તરીકે ધ્યાનમાં લેવા આદેશ આપવામાં આવ્યો છે. નવા આદેશ મુજબ, અપૂર્ણાંક માપણી માટેની અરજીની ચકાસણી કર્યા પછી અને તેને સ્વીકાર્યા પછી, જમીન કચેરીના અધિકારીઓએ માપણી ફીની રસીદના જનરેશનના ૨૧ દિવસમાં અરજીનો નિકાલ કરવાનો રહેશે.બંજર જમીનની માપણી માટેની અરજી પણ તાત્કાલિક માપણી તરીકે ગણવામાં આવશે. આનાથી ખેતીની જમીનના વિભાજન, વેચાણ અને બિનખેતીની પ્રક્રિયા ઝડપી બનશે અને પ્રોપર્ટી કાર્ડનું ઝડપી નિર્માણ થશે. આનાથી બાંધકામ ક્ષેત્રના સાહસિકો તેમજ પ્રોપર્ટી ડેવલપર્સને સમય અને નાણાકીય બોજમાં મોટી રાહત મળશે.

### આગચંપીની ઘટનાઓ કાબૂમાં લેવા વધારાની ફોર્સ તહેનાત કરાઈ

# મહારાષ્ટ્રના પરભણીમાં બંધારણનું અપમાન થતાં હિંસા ફેલાઈ

**મહારાષ્ટ્રના પરભણીમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે ઉપદ્રવીઓ દ્વારા બંધારણનું અપમાન કરવાની ઘટનાથી મોટાપાયે હિંસા ફાટી નીકળી હતી**

મુંબઈ, તા.૧૨

મહારાષ્ટ્રના પરભણીમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે ઉપદ્રવીઓ દ્વારા બંધારણનું અપમાન કરવાની ઘટનાથી મોટાપાયે હિંસા ફાટી નીકળી હતી. પ્રદર્શનકારીઓએ સંખ્યાબંધ વાહનોને આગ ચાંપી દીધી હતી અને કહ્યું હતું કે તેઓ બાબા સાહેબ અને બંધારણનું અપમાન સહન નહીં કરે. પ્રદર્શનકારીઓએ બાબા સાહેબ આંબેડકર તથા બંધારણનું અપમાન કરનારાઓને કડક સજાની માંગ કરી હતી. હિંસક દેખાવો વચ્ચે પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસના શેલ છોડવામાં આવ્યા હતા. બેકાબૂ લોકોને કાબૂમાં લેવા માટે મોટી સંખ્યામાં પોલીસ દળોને ખડકી દેવા પડ્યા હતા. પરભણી રેલ્વે સ્ટેશનની બહાર બીઆર આંબેડકરની પ્રતિમા પાસે એક અજાણી વ્યક્તિએ બંધારણની પ્રતિકૃતિને નુકસાન પહોંચાડ્યું હતું, જેના પગલે આગચંપી અને પથ્થરમારો થયો હતો.

દરમિયાનમાં, વંચિત બહુજન અઘાડીના પ્રમુખ પ્રકાશ આંબેડકરે વિરોધ કરનારાઓને સમર્થન આપ્યું હતું. તેમણે ટ્વિટર પર લખ્યું હતું કે પરભણીમાં જાતિવાદી મરાઠા ઉપદ્રવીઓ દ્વારા બાબાસાહેબની પ્રતિમા પાસે ભારતના બંધારણનું અપમાન કરવાની ઘટના ખૂબ જ શરમજનક છે. બાબાસાહેબની પ્રતિમા કે દલિત ઓળખના પ્રતિક સાથે તોડફોડની આ પહેલી ઘટના નથી. વીબીએ પરભણી જિલ્લાના કાર્યકર્તાઓ સૌથી પહેલા સ્થળ પર પહોંચ્યાં હતાં અને તેમના વિરોધને કારણે પોલીસે ફ્રૈંઈ નોંધીને એક ઉપદ્રવીની ધરપકડ કરી હતી. તેમણે કહ્યું હતું કે હું તમામ લોકોને વિનંતી કરું છું કે જો બધા ઉપદ્રવીઓની ધરપકડ કરવામાં ના આવે તો કાયદો અને વ્યવસ્થા જાળવી રાખે. આગામી ૨૪ કલાકમાં તેના પરિણામો સામે આવી જશે.

### અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યા

# અમેરિકામાં જન્મથી જ નાગરિકતા મળવાનો નિયમ બદલવાની શક્યતા

**અમેરિકાના નવા ચૂંટાયેલા રાર્ષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન આ કાયદાને હાસ્યાસ્પદ ગણાવ્યો હતો**

વૉશિંગ્ટન, તા.૧૨

અમેરિકાના નવા ચૂંટાયેલા રાર્ષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન આ કાયદાને હાસ્યાસ્પદ ગણાવ્યો હતો, જેના હેઠળ દેશમાં જન્મેલા કોઈપણ વ્યકિતને આપોઆપ અમેરિકન નાગરિકતા મળી જાય છે. ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે તેઓ ૨૦ જાન્યુઆરીએ સત્તા સંભાળ્યા બાદ આ કાયદાને રદ્દ કરવા માટે પગલાં લેશે.નાગરિકતા સંબંધિત આ પગલું ટ્રમ્પ માટે ઘણું સરળ હશેપરંતુ જો તેઓ આ નિયમને બદલવામાં સફળ થાય છે, તો તેની લાંબા ગાળાની અસર શું થશે? ભારતીયો સહિત અન્ય દેશોના નાગરિકો પર આની શું અસર થશે? આ અધિકાર અમેરિકી બંધારણના ૧૪મા સુધારા હેઠળ આપવામાં આવ્યો છે, જેના કારણે દેશની સીમામાં આવતા વિસ્તારમાં જન્મેલા દરેક વ્યકિતને આપોઆપ અમેરિકન નાગરિકતા મળી જાય છે પછી ભલે તેના માતા–પિતા કોઈ પણ નાગરિક હોય.ટ્રમ્પે કહ્યું કે તેઓ જન્મથી નાગરિકતાના નિયમમાં પણ ફેરફાર કરશે. ટ્રમ્પે કહ્યું કે આપણે તેને ખતમ કરવું પડશે. અન્ય દેશોમાં આ વલણ નથી. તેમણે કહ્યું કે આવા નિયમથી દેશની સિસ્ટમનો ફાયદો ઉઠાવવામાં આવે છે અને અમેરિકન નાગરિક બનવા માટેના ધોરણો થોડા કડક હોવા જોઈએ. ટ્રમ્પ અને તેમના સમર્થકોનું કહેવું છે કે આ નિયમ બર્થ ટુરિઝમને પ્રોત્સાહન આપે છે. આ હેઠળ માતાપિતા તેમના બાળકોના જન્મ માટે અમેરિકા જાય છે, જેથી તેઓ અમેરિકન નાગરિકતા મેળવી શકે. ટ્રમ્પ કહે છે કે તેઓ પરિવારોને તોડવા માંગતા નથી, તેથી તેઓ સમગ્ર પરિવારોને તેમના દેશમાં પાછા મોકલવાના પક્ષમાં છે. રિપબ્લિકન નેતાએ દાવો કર્યો હતો કે અમેરિકા એકમાત્ર એવો દેશ છે યાં આ નિયમ છે. જો કે તેમનો દાવો ખોટો છે કારણ કે વિશ્વના અન્ય ૩૪ દેશોમાં પણ આ નિયમો છે.ટ્રમ્પનું આ વચન તેમના માટે ફાંસો પણ બની શકે છે. અમેરિકાના બંધારણને બદલવાના નિયમો ખૂબ જ કડક છે.

સંસદ અને રાયો દ્વારા આ નિયમોમાં ફેરફાર કરવો અમેરિકન રાર્ષ્ટ્રપતિઓ માટે મુશ્કેલ કાર્ય સાબિત થઈ શકે છે. રાયની વિધાનસભાઓથી લઈને સંસદના બંને ગૃહો સુધી પડકારો આવી શકે છે. ૨૦૨૨ની યુએસ સેન્સસના પ્યુ રિસર્ચના વિશ્લેષણ અનુસાર, અમેરિકામાં લગભગ ૪૮ લાખ ભારતીયો રહે છે. તેમાંથી ૩૪ ટકા એટલે કે ૧૬ લાખ આ દેશમાં જ જન્મ્યા છે. આ લોકો હાલના કાયદા હેઠળ અમેરિકાના નાગરિક બન્યા છે. જો ટ્રમ્પ આ કાયદો નાબૂદ કરશે તો ૧૬ લાખ ભારતીયો પ્રભાવિત થશે.

### કેન્દ્ર સરકાર એરપોર્ટ પરના મુસાફરો માટે લાવી નવી યોજના

# કેન્દ્ર સરકારે એરપોર્ટ પરના મુસાફરોને અપાતી મોંઘી ખાણી-પીણીમાં ૬૦-૭૦% રાહત આપવાની જાહેરાત કરી

**નાના કપ અથવા ગ્લાસમાં ચા આપવામાં આવશે ફુલ ભોજનને બદલે કોમ્પેક્ટ ભોજન અપાશે આ ઉપરાંત પેકિંગની બેઝિક ક્વોલિટીમાં સામાન અપાશે**

નવીદિલ્હી,તા.૧૨

કેન્દ્ર સરકારે એરપોર્ટ પરના મુસાફરોને અપાતી મોંઘી ખાણી-પીણીમાં ૬૦-૭૦% રાહત આપવાની જાહેરાત કરી છે. આ માટે ભારતીય એરપોર્ટ ઓથોરિટી એ એક મહત્ત્વની યોજના પર કામ કરી રહી છે. આ મુજબ તમામ એરપોર્ટ પર એક અલગથી સસ્તી ખાણી-પીણીનું ઝોન બનાવવામાં આવશે. આ ઝોન પરથી મુસાફરો સસ્તામાં સામાન ખરીદી શકશે.

એએઆઈના અધિકારી ઓએ કહ્યું કે, 'આ આઉટલેટ્સ લગભગ ૬૦-૭૦ ટકા સસ્તા ભાવે ખાણી-પીણીનો સામાન મળશે. હાલના સમયમાં એરપોર્ટ પર એક ચાનો કિંમત લગભગ ૧૨૫-૨૦૦ રૂપિયા છે. જોકે સસ્તા ઝોનમાં ચા ૫૦-૬૦ રૂપિયામાં વચ્ચે મળશે. આ સાથે અધિકારીઓએ એવું પણ કહ્યું છે કે, 'ખાણી-પીણી સસ્તા કરવાની સાથે મુસાફરોની સુવિધામાં પણ ઘટાડો થશે. મોંઘી રેસ્ટોરન્ટ જેમ સર્વિસ અને કોન્ટીટીમાં અંતર હશે. એટલે કે બેસીને ખાણી-પીણીની મોજ માણવાના બદલે સ્ટેન્ડિંગ ટેબલ હશે. નાના કપ અથવા ગ્લાસમાં ચા આપવામાં આવશે. ફુલ ભોજનને બદલે કોમ્પેક્ટ ભોજન અપાશે. આ ઉપરાંત પેકિંગની બેઝિક ક્વોલિટીમાં સામાન અપાશે.સૂત્રોના જણાવ્યા મુજબ મુંબઈ, દિલ્હી, બેંગલુરુ અને કોચ્ચી એરપોર્ટ પરના સ્થાનિક ફ્લાઈટના ડિપાર્ચર એરિયામાં ઝોન બનાવાશે. અહીં સસ્તા ભાવના ખાણી-પીણીના ૬-૮ આઉટલેટ શરૂ કરાશે. એરપોર્ટ પર મોંઘાભાવે સામાન વેચાતો હોવાની અનેક ફરિયાદો આવી હતી. ત્યારબાદ આ સમસ્યાનો નિવડે લાવવા માટે નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડૂએ છેલ્લા બે મહિનામાં ત્રણ બેઠકો કરી હતી. જેમાં ભારતીય એરપોર્ટ ઓથોરિટી, એરપોર્ટનું સંચાલન કરતી કંપનીઓ તેમજ એરપોર્ટ પર ખાણી-પીણીના આઉટલેટ ચલાવતી કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ નિર્ણય કરાયો છે કે, જે એરપોર્ટનું બાંધકામ ચાલી રહ્યું છે, ત્યાં સ્થાનિક વિમાનના સંચાલનવાળા ભાગમાં એક ઝોન બનાવાશે અને તેને 'ઈન્ટરીઝ' અથવા 'લાઈટ પે એરિયા' તરીકે ફરજિયાતપણે વિકસાવાશે. આ ઉપરાંત હાલના તમામ એરપોર્ટના સ્થાનિક વિમાનના સંચાલનવાળા એરિયામાં પણ આવા ઝોન બનાવવામાં આદેશ અપાયા છે. અધિકારીઓએ એવું પણ કહ્યું છે કે, ઝોનમાં માત્ર ખાણી-પીણીની જ સુવિધા મળશે. ત્યાં કપડાં, રમતકડાં, મોબાઈલ સ્ટોર અથવા અન્ય ખરીદીના આઉટલેટ નહીં હોય. અમારો હેતુ મુસાફરોને સસ્તા ભાવે ખાણી-પીણીની સુવિધા આપવાનો છે, જે એક જરૂરીયાતનો ભાગ છે.

### ઇઝરાયેલે સીરિયા પરના હુમલા છતાં પણ ગાઝામાં હમાસ પર ત્રાટકવાનું બંધ કર્યુ નથી

# ગોલન હાઈટ્સ પર ઈઝરાયલના કબજા સામે યુરોપ અને એશિયાના દેશોનો ઉગ્ર વિરોધ

સીરિયા, તા.૧૨

સીરિયામાં બશર અલ અસદની સત્તા ઉખડી જવાની સાથે જ હમાસ હિઝબુલ્લાહ સાથે લડવામાં રોકાયેલા ઈઝરાયેલે આશ્ચર્યજનક રીતે સીરિયા તરફ દોટ લગાવી છે અને ઈઝરાયેલ-સીરિયા વચ્ચેના બફર ઝોનમાં ઘૂસીને ગોલન હાઈટ્સ પરનો કબ્જો મેળવી લેતા આંતરરાષ્ટ્રીય વિવાદ થયો છે. તેમાં પણ ઈઝરાયેલી પીએમ બેન્જામીન નેતન્યાહુએ તેને હવે ઈઝરાયેલનો ભાગ ગણાવતા ઘેરા આંતરરાષ્ટ્રીય પ્રત્યાઘાત પડયા છે. તેની સાથે ઈઝરાયેલ હવે ગોલન હાઈટ્સ પરનો કબ્જો કાયમ રાખે તેવી સંભાવના વધી છે.ઈઝરાયેલના આ કબ્જાનો ળાન્સ સહિતના યુરોપીયન દેશો અને સાઉદી અરેબિયા, કતાર, જોર્ડન, ઈરાન, ઈરાક સહિતના એશિયન દેશોએ ભારે વિરોધ કર્યો છે. જયારે અમેરિકાએ ઈઝરાયેલનો આ કબ્જો કામચલાઉ હોવાનો ગણાવ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો તેણે ઈઝરાયેલને પરોક્ષ રીતે સમર્થન આપ્યું છે. આ જોતાં આગામી સમયમાં ટ્રમ્પ વહીવટીતંત્ર સત્તા પર આવવાનું છે ત્યારે ઈઝરાયેલનો પગપેસારો મધ્યપૂર્વમાં વધુ ફેલાય તેવી પ્રબળ સંભાવના છે. ઈઝરાયેલે સીરિયા પરના હુમલા છતાં પણ ગાઝામાં હમાસ પર ત્રાટકવાનું બંધ કર્યું નથી. ગાઝામાં કરેલી એર સ્ટ્રાઈકમાં કુલ ૩૦ના મોત થયા હતા અને અનેક ઈજા પામ્યા છે. હવે ફક્ત અહીં સવાલ એટલો છે કે ઈઝરાયેલ હવે ગાઝાને કેટલું ખેદાનમેદાન કરશે. તે માનવતાવાદી સહાયને પણ અટકાવી રહ્યુ છે. ઈઝરાયેલે સીરિયા પર છેલ્લા ૪૮ કલાકમાં ૩૫૦ મિસાઈલ ઝીંકી દીધી છે. તેણે સીરિયાના મહત્ત્વના નૌકાદળ મથકો, બંદરો, અલ બાયદા અને લાતાકિયાને લક્ષ્યાંક બનાવ્યા છે. તેમા તેના ૧૫થી વધુ જહાજ ખતમ થઈ ગયા છે. ઈઝરાયેલે આ હુમલાને પોતાની સુરક્ષા માટે કરેલા હુમલા ગણાવ્યા હતા. તેણે જણાવ્યું હતું કે ભવિષ્યમા સીરિયા તરફથી કોઈ હુમલો ન આવે તે માટે આ પ્રકારનો હુમલો કરવામાં આવ્યો છે. પણ આંતરરાષ્ટ્રીય મંચ પર આ હુમલાના ઈરાદા અંગે સવાલ ઉઠવા લાગ્યા છે.

નિષ્ણાતોનું માનવું છે કે ઈઝરાયેલ સીરિયાની નબળી સ્થિતિ જોતાં ગોલન હાઈટ્સને છોડે તેમ લાગતું નથી. નેતન્યાહુએ તો રીતસરનો તેને ઈઝરાયેલનો વિસ્તાર જ જાહેર કરી દીધો છે.

# પાકિસ્તાનથી ગુજરાતમાં આવીને વસેલા ૫૬ હિન્દુઓને ભારતીય નાગરિકત્વ અપાયું

ગાંધીનગર,તા.૧૨

રાજય મંત્રી હર્ષ સંઘવીએ પાકિસ્તાનના લઘુમતી ૫૬ નાગરિકોને ભારતીય નાગરિકતા આપી હતી. આ માટે અમદાવાદમાં યોજાયેલા એક કાર્યક્રમમાં પાકિસ્તાની લઘુમતીઓને સંબોધિત કરતા ગૃહ રાજય મંત્રીએ એવું કહ્યું હતું કે, 'મુસ્કરાઈએ અબ આપ સબ ભારત દેશ કે નાગરિક હૈ.' ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં વર્ષ ૨૦૧૭થી ૨૦૨૪ દરમિયાન કુલ ૧૨૨૩ લોકોને નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયાં છે. હર્ષ સંઘવીએ વધુમાં કહ્યું હતું કે, કેન્દ્ર અને રાજય સરકારે પાકિસ્તાનથી આવીને વસેલા હિન્દુ પરિવારોને નવી ઓળખ આપવાનું કામ હાથ ધર્યુ છે. હવે તમે ગર્વથી ભારતને તમારી કર્મભૂમિ બનાવી શકો છો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશનું દાયિત્વ સંભાળ્યા પછી નાગરિકતા નિયમોમાં બદલાવ લાવીને પાકિસ્તાનથી ભારત આવીને વસેલા નાગરિકોને તેમની ઓળખ સમાન નાગરિકતા પ્રમાણપત્ર મળે તે માટે એક દિશાસૂચક કામગીરી કરી છે. આ પ્રસંગે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર નાગરિકોએ તેમના પ્રતિક્રિયાઓ આપી હતી. લઘુમતીઓને નાગરિકતા આપતો કાયદો લાવવા બદલ તેઓએ વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો. સંઘવીએ વધુમાં એમ પણ કહ્યું કે, પાકિસ્તાનમાંથી આવેલા ઘણા લઘુમતી પરિવારો સમાજમાં વિવિધ ક્ષેત્રે વિકાસ કરી રહ્યા છે અને સમાજના ઉત્થાનમાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે. આવા પરિવારોનાં સંતાનો પણ સફળતા મેળવી રહ્યાં છે. પાકિસ્તાનમાંથી આવીને વસેલા હિન્દુ પરિવારો હવે ગુજરાતમાં આનંદથી જીવી શકશે.

# અમરેલીનાં વોર્ડ–૧માં આયુષ્યમાન વય વંદના કાર્ડ, રેશનકાર્ડ ઈ–કેવાયસી કેમ્પ યોજાયો



ભારત સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તળે તબીબી સહિતની આવશ્યક સરકારી યોજનાઓની સરળ ઉપલબ્ધતા માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ઈ–કેવાયસી પ્રક્રિયા હાલમા ચાલી રહી છે આ પ્રક્રિયાનો બહોળા પ્રમાણમા લોકો લાભ લઈ રહયા છે પરંતુ આ પ્રક્રિયામા વયોવૃધ્ધજનો કે જે ૭૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેઓને નજીક સુવિધા પુરી પાડવા સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબ ઓફ અમરેલી અને તાલુકા હેલ્થ કચેરી–અમરેલી તરફથી અમરેલી શહેરના વોર્ડ નં.–૧ના તારવાડી, આંગણવાડી કેમ્પનું આયોજન કરવામા આવેલ જેમા બહોળા પ્રમાણમાં લાભાર્થીઓએ લાભ ઉઠાવેલ હતો. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, નગર સેવકો સુરેશભાઈ શેખવા, અક્રમભાઈ કાજી, અફસાનાબેન કુરેશી, અમીનભાઈ હોત, રેખાબેન રાણવા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. તેમ અખબારી યાદીમા જણાવાયેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૮૫ | ૧૪૬૦ |
| ૨ | મગફળી | ૯૨૫ | ૧૧૩૧ |
| ૩ | સોયાબીન | ૭૫૧ | ૭૫૧ |
| ૪ | અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૧૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૪૮૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૪૦ |
| ૩ | મગફળી ૨૦ નંબર | ૧૦૬૧ | ૧૧૪૯ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૦૯ | ૧૦૭૧ |
| ૫ | ઘઉં | ૫૩૦ | ૫૫૦ |
| ૬ | તલ સફેદ | ૨૦૩૦ | ૨૪૦૦ |
| ૭ | જીરૂ | ૩૯૫૦ | ૪૩૫૦ |
| ૮ | સોયાબીન | ૭૮૦ | ૮૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૧૧૪ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૮૬૬ | ૮૬૬ |
| ૩ | ગીરનારી શીંગ | ૯૨૧ | ૧૨૯૬ |
| ૪ | શિંગ મોટી | ૮૪૨ | ૧૨૩૭ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૧૦૦૩ | ૧૧૮૫ |
| ૬ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૮૪૦ |
| ૭ | તલ કાળા | ૩૦૦૦ | ૩૮૨૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૩૦૩૫ | ૩૩૧૦ |
| ૯ | બાજરો | ૩૫૧ | ૫૮૦ |
| ૧૦ | જુવાર | ૪૨૫ | ૮૭૩ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૫૭૯ | ૬૬૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૬૦ | ૬૩૪ |
| ૧૩ | મગ | ૫૦૦ | ૧૪૩૦ |
| ૧૪ | અડદ | ૮૦૦ | ૧૭૨૫ |
| ૧૫ | ચણા | ૭૯૦ | ૧૩૬૬ |
| ૧૬ | કપાસ | ૯૩૦ | ૧૪૬૧ |
| ૧૭ | એરંડા | ૧૧૪૭ | ૧૨૦૭ |
| ૧૮ | જીરૂ | ૩૩૯૦ | ૪૪૦૦ |
| ૧૯ | ઈસબગુલ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૨૦ | ધાણા | ૧૦૭૫ | ૧૪૦૫ |
| ૨૧ | સોયાબીન | ૬૩૬ | ૮૩૬ |
| ૨૨ | રજકાનું બી | ૨૦૦૦ | ૪૫૯૦ |
| ૨૩ | મરચા લાંબા | ૪૭૫ | ૨૬૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૩૩ |
| ૨ | મગફળી | ૬૭૫ | ૯૯૨ |
| ૩ | ઘઉં | ૫૬૦ | ૫૯૦ |
| ૪ | ચણા | ૧૦૭૫ | ૧૨૦૦ |
| ૫ | અડદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૬ | સોયાબીન | ૭૭૫ | ૮૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૫ | ૫૮૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૨૨ | ૬૨૨ |
| ૪ | મેથી | ૮૦૦ | ૮૦૦ |
| ૫ | સોયાબીન | ૫૩૨ | ૭૫૦ |
| ૬ | મગફળી | ૬૦૦ | ૯૯૨ |
| ૭ | ચણા | ૧૦૩૫ | ૧૨૧૬ |
| ૮ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૩૨૫ |
| ૯ | ધાણા | ૧૩૩૦ | ૧૩૬૦ |
| ૧૦ | મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૧ | અડદ | ૧૦૫૦ | ૧૩૩૫ |
| ૧૨ | શીંગદાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૧૩ | ચણા છોલે | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ૧૪ | મકાઈ | ૫૪૦ | ૫૪૦ |
| ૧૫ | લસણ | ૨૬૦૦ | ૨૬૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૪૮ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૨૨ | ૨૫૧૪ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | – |
| ૫ | જીરૂ | ૪૦૫૦ | ૪૪૩૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૭૦ | ૬૩૪ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૮૫ | ૬૬૯ |
| ૯ | બાજરો | ૫૬૦ | ૭૦૦ |
| ૧૦ | જુવાર | ૪૯૫ | ૮૦૪ |
| ૧૧ | મગ | ૧૧૫૦ | – |
| ૧૨ | અડદ | ૧૦૨૫ | – |
| ૧૩ | ચણા | ૧૦૨૫ | ૧૩૫૦ |
| ૧૪ | તુવેર | ૧૪૦૦ | ૧૭૦૦ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | – |
| ૧૬ | સોયાબીન | ૭૨૫ | ૭૮૦ |

## રાજુલા : આર્ટ્સ તથા કોમર્સ કોલેજનાં વિદ્યાર્થિનીની અનેરી સિદ્ધિ

રાજુલા, તા. ૧૨

રાજુલા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા કાલેજના ટી.વાય બી.એમાં અભ્યાસ કરતા તથા વિમળાબેન હરકિશન દાસ મહેતા કન્યા છાત્રાલય, રાજુલાનાં વિદ્યાર્થિની બહેન કુમારી શીતલબેન ભોપાભાઈ હડીયા જેઓ એ સમાજશાસ્ત્ર વિષયમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના દ્વારા ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી તે બદલ કાલેજ ટ્રસ્ટી અનંતભાઈ શાહ તથા ડી.જે. ધંધુકિયા તથા સુકેતુભાઈ શાહ તથા ગીરાબેન રાવલ તથા સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા કેમ્પસ મેનેજર રવિ ભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેકટર ડો.જીજ્ઞેશભાઈ વાજા તથા પ્રિન્સિપાલ ડો.રીટા બેન રાવળ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે. કાલેજ પ્રાધ્યાપક સર્વ જાગૃતિબેન તેરૈયા તથા



પ્રાધ્યાપક ધારા બેન ખીમસુરિયા તથા સ્ટાફ પરીવારની અથાહ મહેનત અને માર્ગદર્શન બહેનને સફળતાના શિખરે પહોચાડવામાં કામયાબ બની. કાલેજ પરિવારનું ગૌરવ વધારનાર બહેનને સમગ્ર રાજુલાની શિક્ષણ સંસ્થાઓ શુભેચ્છાઓ પાઠવી રહી છે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં.૧૩૧/૨૦૨૪

**અરજદાર :** શ્રી હંસાબેન છગનભાઈ માંગરોળીયા
સરનામું : રહે. ભેંસવડી, તા.લીલીયા, જિ.અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –
તલાટી – કમ – મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.જશવંતગઢ, તા. જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના જશવંતગઢ ગામમાં **હંસાબેન છગનભાઈ માંગરોળીયા** તેઓના પોતાની **જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૪** ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૨–૧૨–૨૦૨૪** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ :– અમરેલી**
**તારીખ :– ૧૨/૧૨/૨૦૨૪**

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૧ | ૧૧૧૧ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૦૧ |
| ૩ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૪ | બાજરો | ૫૦૦ | ૬૬૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૬૧ |
| ૬ | જુવાર | ૭૦૦ | ૭૭૧ |
| ૭ | મગ | ૧૪૦૦ | ૨૩૩૧ |
| ૮ | મઠ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૯ | અડદ | ૯૫૦ | ૧૪૦૦ |
| ૧૦ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |

## ગૌ–માતાની ભગવાન સાથે જોડાયેલી કેટલીક અજાણી વાતો



અમરેલી, તા. ૧૨

ગૌ–માતાની ભગવાન સાથે જોડાયેલી કેટલીક અજાણી વાતો આ પ્રમાણે છે :

૧. ભગવાન શ્રીકૃષ્ણ શ્રીમદ ભગવત ગીતામાં કહે છે કે, હું ગાયોમાં કામધેન રૂપ છું.

૨. શ્રીરામ ભગવાનેવન પ્રસ્થાન પૂર્વ બ્રાહ્મણને ગાય દાનમાં આપી હતી.

૩. ભગવાન બુદ્ધને ગાયના દૂધની બનેલી ખીરનાનથી જ્ઞાન અને મુકિતનો માર્ગ સુજયો હતો. ભગવાન બુદ્ધ ગાયને મનુષ્યની પરમમિત્ર પણ કહે છે.

૪. ભગવાન મહાવીર પ્રમાણે ગૌ–રક્ષા વગર માનવરક્ષા અધૂરી છે.

**૫. જયોતિષશાસ્ત્રમાં ગાયનો મહિમા :** કેટલાંક નક્ષત્ર નૂજનમાં શાંતિ હેતુ ગૌ પૂજન થાય છે.

કેટલાંક અશુભ યોગના નિવારણ ખેત ગૌ પૂજન થાય છે.
ગાયનું દાન સંપૂર્ણ દોષ નાશક છે.

ગાયને રોટરી કે ઘાસ પોતાનાં હાથ વડે તેના મુખમાં આપવાથી પુણ્યબળ વધે છે. તેને સ્પર્શ કરવાથી શુભત્વ વધે છે.

પાપગ્રહ પીડા નિવારણ અર્થે ગાયને અન્ન આપવાથી અને પૂજા કરવાથી પીડા શાંત થાય છે.

**૬. વાસ્તુ શાસ્ત્રમાં ગાયનું મહત્વ :**

ગૌચર જમીન ખૂબ શુકનવાળી ગણાય છે.

જે જમીન પર ગાય વિશ્રામ કરતી હોય, આરામ કરતી હોય તે જમીન શાંતીવાળી હોયછે.

જે જમીનમાં શુભ બળ ઓછું જણાતું હોય, ત્યાં ગાયને લઈ જઇ તેની પૂજા કરવાથી અને થોડાં દિવસ ગાયનો વસવાટ કરવામાં આવે તો જમીન શુદ્ધિ પણ થાય છે. ગાયના પગલાં જે જમીન પર વધુ પડતાં હોય તે જગ્યા સારી ગણાય છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં.૧૨૬/૨૦૨૪

**અરજદાર :** શ્રી રજનીકાંતભાઈ ત્રિભોવનદાસ દવે
સરનામું : રહે. ચિતલ, તા. જિ. અમરેલી. હાલનું સરનામું : દવે રજનીકાંત ત્રિભોવનદાસ ,લાઠી રોડ, આઈસર ટ્રેકટરનાં શો રૂમની ગલ્લી (કાચી ગલ્લી) 'ૐ' પ્રમુખસ્વામીનગર,મું અમરેલી

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –
તલાટી – કમ – મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.ચિતલ, તા. જિ.અમરેલી.

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામના **રજનીકાંતભાઈ ત્રિભોવનદાસ દવે** તેઓના માતૃશ્રી **મુકતાબેન ત્રિભોવનદાસ દવે**ની **મરણ તા. ૨૨/૦૧/૧૯૮૧** ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. **૧૨–૧૨–૨૦૨૪** ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સ્થળ :– અમરેલી**
**તારીખ :– ૧૨/૧૨/૨૦૨૪**

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

# અમરેલી : જયાં સંઘ કાર્યાલયનું નિર્માણ થવાનું છે તે જગ્યા ઉપર સ્નેહમિલન યોજાયું



અમરેલી ખાતે તા. ૮/૧૨/૨૪ને શનિવારનાં રોજ સ્નેહમિલન કાર્યક્રમ સંઘ કાર્યાલય નિર્માણ થનાર જગ્યા ઉપર યોજાયો હતો. જેમાં અમરેલી જિલ્લાનાં સંઘના સ્વયંસેવકો તથા સંઘની ભગીની સંસ્થાઓના કાર્યકરો સહ પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નવા બનનાર સંઘ કાર્યાલય વિશે ચર્ચા કરવામાં આવી હતી અને ઉપસ્થિત સૌએ સંઘ કાર્યાલય વ્હેલીતકે નિર્માણ પામે તેવી આશાઓ વ્યકત કરી હતી. આ તકે જિલ્લા કાર્યવાહ સૌરભભાઈ મકવાણાએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ''નિર્માણ થનાર કાર્યાલય હિન્દુ સમાજનું પાવર હાઉસ હશે.'' આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચારક મહેશભાઈ જીવાણીએ ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડયું હતું. તેમ જિલ્લા પ્રચાર પ્રમુખ સંજયભાઈ અગ્રાવતની યાદી જણાવે છે.

# લીલીયા તાલુકામાં ટીબીના દર્દીઓને પોષણક્ષમ આહાર કીટનું વિતરણ કરવામાં આવ્યું







રાષ્ટ્રીય ટીબી નાબૂદી કાર્યક્રમ અંતર્ગત ટીબી મુકત ભારત અભિયાન હેઠળ તાલુકા હેલ્થ કચેરી લીલીયા તથા ટીબી યુનિટ લીલીયાના સંયુકતઉપક્રમેસામૂહિકઆરોગ્યકેન્દ્ર લીલીયા ખાતે તાલુકાના ગ્રામ્ય કક્ષાના ૧૫જેટલાટીબીનાદર્દીઓનેપોષણક્ષમ આહાર કીટ અપાય સરકારના ટીબી મુકત ભારત અભિયાન હેઠળ દેશના તમામસરકારીદવાખાનાઓમાંટીબીનું નિદાન તથા સારવાર નિઃશુલ્ક ઉપલબ્ધ છે તેમ છતાં ટીબીના દર્દીઓને પોષણની કમીનરહેતેમાટેટીબીનાદર્દીઓનેદત્તક લઈ પોષણક્ષમ આહાર કીટ આપવામાં આવેછે લીલીયાતાલુકાના ગ્રામ્ય કક્ષાએ સારવાર લઈ રહેલા આવા ૧૫ જેટલા ટીબીનાદર્દીઓનેપોષણકીટઆપવામાં આવેલ હતી સામૂહિક આરોગ્ય કેન્દ્ર લીલીયાખાતેફરજબજાવતાડોકટરપ્રતીક દોમડીયા, પરેશભાઈ ગોસાઈ, કલ્પેશભાઈ મકવાણા તથા સંજયભાઈ રાજપરા ટીબી સુપરવાઈઝર દ્વારા દર્દીઓને આરોગ્ય શિક્ષણ સારવારનો સમયગાળો કફ એટીકેટરર્સ પોષણ યોજના જેવા અનેક મુદાઓથી માહિતગાર કરવામાં આવેલ હતા તથા ડોકટર પ્રતીક દોમડીયા દ્વારા તમામ દર્દીઓની આરોગ્ય તપાસની કરવામાં આવેલ હતી આ કાર્યક્રમમાં ટીબીના દર્દીઓ ઉપરાંત તાલુકા હેલ્થ ઓફિસ લીલીયા તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર લીલીયાનાઆરોગ્યકર્મચારીસ્ટાફહાજર રહેલહતાલીલીયાતાલુકાહેલ્થઓફિસર સિધ્ધપુરાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમને સંપૂર્ણ સફળ બનાવવા માટે ટીબીસુપરવાઈઝરસંજયભાઈરાજપરા તથા આરોગ્ય કર્મચારી ભાર્ગવભાઈ ત્રિવેદી દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલ હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### રંગોત્સવ સેલિબ્રેશન દ્વારા યોજાયેલ નેશનલ કોમ્પિટીશનમાં

## સાવરકુંડલાનાં ગુરૂકુળ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની જૈનીબેન બનજારાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

### શાળા, શહેર અને બનજારા પરિવારનું નામ ગૌરવ વધાર્યુ



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા શહેરમાં શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણનાધામ સમા સ્વામિનારાયણ ગુરૂકુળ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જૈનીબેન બનજારાએ બોમ્બેની સંસ્થા રંગોત્સવ સેલિબ્રેશન દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં રંગપૂરણી, ગ્રિટિંગ કાર્ડ મેકિંગ, થંબ એન્ડ ફિંગર પ્રિન્ટ આર્ટ, ઈંગ્લીશ હેન્ડ રાઈટિંગ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સંસ્થા દ્વારા યોજાયેલ નેશનલ કોમ્પિટીશનમાં જૈનીબેન બનજારાએ એક ગોલ્ડ મેડલ, એક સિલ્વર મેડલ તથા ૨ ગ્રેડ સર્ટિફિકેટ તેમજ ૪ સર્ટિફિકેટ મેળવી શાળા, શહેર અને બનજારા પરિવારનું રોશન કર્યુ છે. આ સંદર્ભ સ્વામિનારાયણ ગુરૂકુળ પ્રાથમિક વિદ્યાલયના આચાર્ય અર્ચનાબેન કણકોટિયા તેમજ શાળાના મોસ્ટ સિનિયર શિક્ષક યોગેશભાઈ પરમારે અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી. આ સાથે સંસ્થાના વડા પ. પૂ. ભગવતપ્રસાદ સ્વામીજી તેમજ પ્રમુખ પ. પૂ હરિપ્રસાદદાસજી સ્વામી તથા કોઠારી સ્વામી શ્રી અક્ષર મુકત સ્વામી, શુકદેવજી સ્વામીએ શુભાશિષ સાથે અભિનંદન પાઠવ્યા હતા. આપને જણાવી દઈએ કે સાવરકુંડલા તાલુકાના પીઠવડી મુકામે સરકારી પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા આદર્શ શિક્ષક જતીનભાઈ બનજારા તેમજ સરસ્વતી વિદ્યાલયમાં હાલ અંગેજી શિક્ષક તરીકે ફરજ બજાવતાં ડીંપલબેન બનજારાની સુપુત્રી ચિં જૈનીબેન કે જે હાલ સ્વામિનારાયણ ગુરૂકુળ પ્રાથમિક શાળામાં ૪ થા ધોરણમાં અભ્યાસ કરે છે. તેણી સંગીત ક્ષેત્રે પણ અદભૂત કેશલ ધરાવે છે.

સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધીએ પણ તેની દોહિત્રી જૈનીબેન બનજારા અભ્યાસ તેમજ વિવિધ સાંસ્કૃતિક ક્ષેત્રે આગળ ધપે તેવી શુભેચ્છા સહ આશીર્વાદ પાઠવ્યા હતાં આ સંદર્ભે જૈનીબેનના નાની ચંદ્રિકાબેન પાંધી, મામા પ્રિયંકભાઈ પાંધી, મામી રશ્મિતાબેન પાંધી તેમજ જૈનીબેનની લાડલી કઝીન સિસ્ટર ધાર્વિબેન પાંધીએ પણ જૈનીબેનને અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી.

## સાવરકુંડલાનાં યુવાન પદયાત્રા કરીને રામદેવપીરના દર્શનાર્થે નીકળી પડયા

સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલાના કેવડા પરા ગાયત્રી મંદિર પાસે સુકનેરા ડેમ કાંઠેથી રામદેવ પીર મંદિરથી સાવરકુંડલાના હાર્દિક ધીરૂભાઈ પરમાર નામના પદયાત્રી તારીખ ૮/૧૨/૨૪ના રોજ સાવરકુંડલાથી રામદેવરા (રણુજા જૂના રાજસ્થાન) સુધીની પદયાત્રા માટે નીકળેલ છે. પોતે એકલા આ કડકડતી ઠંડીમાં પણ પદયાત્રા કરે છે જે રામદેવપીરમાં અતૂટ શ્રધ્ધા દર્શાવે છે. પોતાની આ પદયાત્રા સુખરૂપ રહે તે માટે ભાવિકો શુભકામનાઓ પાઠવી રહ્યા છે. હાલ ગતરોજ ચોટીલા ચામુંડા માતાજીના મંદિરે દર્શન કરીને આગળ વધી રહ્યાં છે. તેમની આ પદયાત્રા દરમિયાન રણુજા પહોંચતાં સુધી આપ કોઈ મદદ કે સેવા કરવા માંગતા હો તો



આપેલ સ્કેનર પર કરી શકો છો. આમ પણ શ્રધ્ધા અને ભકિત જો અડગ હોય તો ઈર પણ આવા શુભકાર્યોમાં હમેશા સાથે જ હોય છે. રામદેવરા (જુના રણુજા - રાજસ્થાન) સુધી પહોંચતા લગભગ પચ્ચીસ દિવસ જેટલો સમય લાગશે એમ તેણે જણાવ્યું હતું.

### બાંગ્લાદેશની એક કોર્ટે તેની જામીન અરજી ફગાવી દીધી

## ઈસ્કોન પૂજારી ચિન્મય કૃષ્ણ દાસને મોટો ઝટકો, જામીન અરજી ફગાવી દેવાઈ

### ચિન્મય કૃષ્ણ દાસની ૨૫ નવેમ્બરે રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી

ઢાકા,તા.૧૨

ઈસ્કોનના પૂજારી ચિન્મય કૃષ્ણ દાસને બાંગ્લાદેશમાં મોટો આંચકો લાગ્યો છે. બાંગ્લાદેશની એક કોર્ટે તેની જામીન અરજી ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે તે આ કેસની આગામી સુનાવણી ૨ જાન્યુઆરીએ કરશે. કોર્ટે અગાઉ ૨૬ નવેમ્બરે તેની જામીન અરજી ફગાવી દીધી હતી. ચિન્મય કૃષ્ણ દાસની ૨૫ નવેમ્બરે રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી.

ચટગાંવના મેટ્રોપોલિટન સેશન્સ જજ મોહમ્મદ સૈફુલ ઈસ્લામે બુધવારે જણાવ્યું હતું કે ચિન્મય કૃષ્ણ દાસની અરજી ફગાવી દેવામાં આવી હતી કારણ કે તેમની પાસે કોઈ વકીલનો લેટર ઑફ એટર્ની નથી. આ પછી બાંગ્લાદેશ સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અને માનવાધિકાર કાર્યકર્તા રવિન્દ્ર ઘોષ ચટ્ટગાંવ ગયા અને ચિન્મય કૃષ્ણ દાસ માટે કોર્ટમાં અરજી રજૂ કરી હતી.

જયારે ઘોષે કોર્ટમાં આગોતરી સુનાવણીની વિનંતી કરી, ત્યારે અન્ય વકીલોએ તેનો વિરોધ કર્યો અને કહ્યું કે ઘોષ પાસે ચિન્મય કૃષ્ણ દાસનું પ્રતિનિધિત્વ કરવા માટે કોઈ વકાલતનામા (પાવર ઓફ એટર્ની) નથી. આ પછી કોર્ટે દાસની અરજી ફગાવી દીધી હતી.

મીડિયા સાથે ફોન પર વાત કરતાં ઘોષે કહ્યુ કે મેં ચિન્મય કૃષ્ણ દાસની જામીનની સુનાવણી માટે વહેલી તારીખ નક્કી કરવા માટે ચટ્ટગાંવ કોર્ટમાં અરજી આપી હતી, પરંતુ તે સમયે લગભગ ૩૦ વકીલોની પરવાનગી વગર કોર્ટ રૂમમાં હાજર હતા. કોર્ટમાં આવીને મારા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે કહ્યુ કે તેઓ મને ઈસ્કોન એજન્ટ, ચિન્મયનો એજન્ટ કહીને ચીડવે છે. તેઓ મને ખૂની કહે છે. હું વકીલ તરીકે આવ્યો છું. હું ખૂની કેવી રીતે બની શકું? આ કેસમાં સુનાવણી ૩ ડિસેમ્બરે થવાની હતી, પરંતુ ફરિયાદ પક્ષના સૂચન પર, ચિન્મય કૃષ્ણ દાસ વતી કોઈ વકીલ હાજર ન થવાને કારણે કોર્ટે તારીખ ૨ જાન્યુઆરી, ૨૦૨૫ સુધી ટાળી દીધી હતી. મહત્વનું છે કે, બાંગ્લાદેશમાં બળવા પછી હિન્દુઓનો નરસંહાર થઈ રહ્યો છે. શેખ હસીનાએ સત્તા છોડયા બાદ બાંગ્લાદેશમાં હિંદુઓને નિર્દયતાથી કચડવામાં આવી રહ્યા છે. લઘુમતી હિંદુ સમુદાય વિરુદ્ધ મોટા પાયે લૂંટફાટ અને તોડફોડ કરવામાં આવી રહી છે. હિંદુઓના વેપારી મથકો અને ઘરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

## ચલાલામાં દાનમહારાજના પુણ્યના પ્રતાપે શહેરમાં અનેકવિધ સેવાની સરવાણી સતત વહે છે

અમરેલી, તા. ૧૨

ત્યારે ચલાલા મહાદેવપરા વિસ્તારમાં પણ અનેક પ્રકારના સેવાકાર્ય અવિરત પણે ચાલુ છે જેમાં પ્રથમ તો હાલ દિવ્ય અને અતી ભવ્ય કલાત્મક રામજી મંદિરનું નવ નિર્માણ કાર્ય વેગવંતુ છે તથા અબોલ અને સદયા કરૂણાનાં પાત્ર અને વગર જોળીનાં ભીખારી સમાન હજારો પક્ષીઓ માટે કાયમી સદાવ્રત એટલે અધ્યતન ચબુતરો પક્ષીઘર તથા પશુપક્ષીઓ માટે શિતળ જળની કાયમી વ્યવસ્થા માટે અવેડાઓ અને રાહદારીઓ માટે વોટરકુલર યુકત શિતળ જળનું પરબ તેમજ વટેમાર્ગુઓને વિસામો ખાવાં બાપા સીતારામની અઢલી તેમજ અને નિરાધાર પશુઓને ઘાસચારો સહિતના અનેક વિધ સેવાકાર્ય ચલાલા મહાદેવપરાનાં રહિશો તથા દેશ દેશાવરમાં વસતાં વતનના રતન સમાન



દાતાઓના સહયોગથી અવિરત પણે શરૂ છે ત્યારે રામ ચબુતરે સત્યનારાયણ ભગવાનની કથાનું ધાર્મિક આયોજન કરેલ જેમાં ધર્મપ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કથા પ્રસાદ અને અલ્પાહારનું રસપાન કરેલ ત્યારે આ પ્રસંગે ઉપસ્થિત સેવાના ભેખધારી રમેશભાઈ (દકુભાઈ) સવજીભાઈ ખુટે અગિયાર હજાર એકસો અગીયાર રૂપિયા પક્ષીઓને મગની મીજબાની કરાવવા દાનમાં આપ્યાં ત્યારે આજના કળિયુગની અતી કપરાં સમયે સમસ્ત મહાદેવપરા પરિવાર દ્વારા થતાં દરેક ભગીરથ સેવાકાર્ય એ સંપ સેવાભાવના અને સંઘભાવનાનું ઉતમ પ્રેરણાદાયી ઉદાહરણ છે.

### જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ દ્વારા

## અમરેલી જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકનાં યુવક કોંગ્રેસનાં પ્રમુખની વરણી કરાઈ

### જિલ્લાનાં કોંગી આગેવાનોએ શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૧૨

ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાની સુચનાથી અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ સંદીપ ધાનાણી દ્વારા અમરેલી જિલ્લાની પાંચેય વિધાનસભાના પ્રમુખોની નિમણૂક કરવામાં આવી. અમરેલી વિધાનસભા પ્રમુખ તરીકે આકાશભાઈ કાનપરિયા, સાવરકુંડલા વિધાનસભા પ્રમુખ તરીકે જયરાજભાઈ ખુમાણ, ધારી વિધાનસભા પ્રમુખ તરીકે રોહિતભાઈ સરધારા, લાઠી વિધાનસભા પ્રમુખ તરીકે ઈમરાનભાઈ ગગદાણી, રાજુલા વિધાનસભા પ્રમુખ તરીકે કરણભાઈ કોટડીયાની નિમણૂક કરવામાં આવી આ નિમણૂકને અમરેલી જિલ્લા કોંગ્રેસ આગેવાનો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

## બાબરા : નાગરિક બેન્કનાં ચેરમેન સહિતનાં ડિરેકટરની ધારાસભ્યએ મુલાકાત લીધી

બાબરા, તા. ૧૨

બાબરા નાગરિક બેન્ક માં ચેરમેન હસુભાઈ પોપટ અને તમામ બોર્ડ ડિરેકટરની શુભેચ્છા મુલાકાત આજે બાબરા વિસ્તારના પ્રવાસ દરમિયાન ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયા કરવામાં આવી હતી અને નાગરિક બેન્કની વહીવટ કામકાજની માહિતી મેળવી હતી.

બેંકના ચેરમેન હસુભાઈ પોપટ અને મેનેજર પ્રફુલભાઈ જસાણી દ્વારા ધારાસભ્યનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું



આ તકે નગરપાલિકા પ્રમુખ પ્રવીણ ભાઈ કરકર, જિલ્લા યુવા ભાજપ મહામંત્રી જગદીશ નાકરાણી, શહેર યુવા ભાજપ અધ્યક્ષ હરેશ આખજા, તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા, વાંડલીયા સરપંચ લલિતભાઈ વેકરિયા, નગરપાલિકા કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, તેમજ નાગરિક બેંકના ડિરેકટર જગદીશભાઈ વાવડીયા ઉપસ્થિત રહ્યા હતાં.

## સાવરકુંડલાનાં ગઝલકાર કવિ ભરત વિંઝુડાનો ૧૪મો કાવ્ય સંગ્રહ ''તમારા માટે'' પ્રકાશિત

સાવરકુંડલા,તા.૧૨

જેમની ગઝલોના અનેક ગઝલપ્રેમીઓચાહકછે, એવા ગઝલકાર કવિ ભરત વિંઝુડાનો (સમગ્ર 'ભરતકામ'ને બાદ કરતાં) ૧૪મો કાવ્યસંગ્રહ 'તમારા માટે' આવી ગયો છે. ગઝલને સાતત્ય પૂર્વક ખેડતાં આ કવિને પાંચ દાયકા થવા આવ્યા છે. સાંપ્રત સમયે સમયે સંખ્યા અને સમૃદ્ધિ બેઉ દષ્ટિએ માતબર ગઝલસર્જન કરનાર કોઈ ગઝલકાર હોય તો તે નિર્વિવાદપણે ભરત વિંઝુડા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મના ભાવકોથી લઈ વિદ્વાનો સુધી લોકપ્રિય નીવડતી આ કવિની વિપુલ કાવ્ય રાશિમાંથી એકલદોકલ ગઝલનો આસ્વાદ કે ગઝલસંગ્રહનાં અવલોકનો થયાંછે. કયારેક એમના એકાધિક સંગ્રહને ધ્યાને લઈ કવિના ગઝલ વિશેષોના નિર્દેશો પણ થયાંછે. પરંતુ એમની સમગ્ર ગઝલરાશિનો સઘન અભ્યાસ થવો હજુ બાકી છે. એમની કવિતા પર એમ.ફીલ./પીએચ.ડી. થયુંછે, પરંતુ પદવી માટે થતાં આવાં અભ્યાસો એટલા ઉપછલ્લા હોય છે કે એમાંથી ખાસ કંઈ પ્રાપ્ત થવા જેવું હોતું નથી. હકીકતમાં આપણી વિવેચનામાં કથાસાહિત્ય કે અન્ય સાહિત્ય સ્વરૂપોમાં છે તેવા ગઝલના અભ્યાસુઓની અછતછે. એમાંય ત્રૂટક છૂટક અને યદા કદા ગઝલ વિવેચના કરતાં વિવેચકો માટે આશરે ૧૫૦૦ જેટલી ગઝલોનો અભ્યાસ કરવાની હિંમત અને ધૈર્ય કયાંથી હોય! ખેર, આ પડકાર પણ કોઈ ઝીલે એ માટે જ આ કવિએ આ સંગ્રહનું આવું લાક્ષણિક નામ રાખ્યું હશે! જે વાંચે તેને 'તમારા માટે.' એમ ઈજન અને આહવાન બંને આપે છે. કોઈ અભ્યાસુ આ આહવાન ઝીલે એવી અપેક્ષા સાથે આ કવિની સાતત્યભરી ગઝલસાધનાને આવકારીએ તે આજ છે.

## ગાંધીનગરની સંસ્થાએ અમિતાભ બચ્ચનને 'હેપ્પી ચકલી ઘર'ની ભેટ આપી

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર અમિતાભ બચ્ચન ફેન ક્લબના પ્રમુખ એડવોકેટ દિલીપસિંહ બિહોલા તા. ૨૫મી નવેમ્બરે મુંબઈ ખાતે ''કૌન બનેગા કરોડપતિ''ના શૂટિંગમાં પ્રેક્ષક તરીકે સામેલ થયાં હતા અને તેમની સાથે ગાંધીનગરની સંસ્થા હેપ્પી યુથ ક્લબના સ્થાપક પ્રમુખ સમીર રામી અને ઉપપ્રમુખ ભાવના રામી પણ જોડાયાં હતા. આ બંનેએ તેમની સંસ્થાની ચકલી બચવવાના અભિયાનની પર્યાવરણીય પહેલના ઓળખ સમુ ''હેપ્પી ચકલી ઘર'' અમિતાભ બચ્ચનને ભેટ આપ્યુ હતું. બચ્ચને ''હેપ્પી ચકલી ઘર'' અંગે રસ દાખવી સમીર રામી પાસેથી પ્રોજેક્ટ અંગે સઘન જાણકારી મેળવી સંસ્થાના સેવાકાર્યને બિરદાવ્યું હતું. આ સાથે અમિતાભ બચ્ચને તેમની ભેટ સ્વિકારી હતી અને શોમાં સામેલ પ્રેક્ષકોને પણ હેપ્પી ચકલી ઘરની ભેટ આપવામાં આવી હતી. તે પ્રસંગનો એપિસોડ સોની ટીવી પર તા.૧૨મી ડિસેમ્બર, ગુરુવારના રોજ રાત્રે ૯ કલાકે પ્રસારિત થવાનો છે.

## કોવાયા : અલ્ટ્રાટેક ગુજરાત સિમેન્ટ વર્કસના CSR વિભાગ દ્વારા પ્રાથમિક શાળા ખાતે આત્મસુરક્ષા તાલીમનું આયોજન કરાયું

કોવાયા, તા. ૧૨

અલ્ટ્રાટેક CSR વિભાગ દ્વારા બહેનોને વિવિધ તાલીમો ઉપરાંત આત્મવનિર્ભર બનવવા માટે સ્વરક્ષણની તાલીમો પણ આપવામાં આવે છે. જેમાં ગતવર્ષે લોઠપુર શાળાની વિદ્યાર્થીનીઓ ઉપરાંત CSR ટ્રેનીંગમાં આવનાર બહેનોને તાલીમ આપવામાં આવી હતી. તેજ રીતે આ વર્ષે પણ કોવાયા સ્કૂલની ધોરણ ૭ અને ૮ની વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપવામાં આવી.

જે અંતર્ગત ૨૮ નવેમ્બર ૨૦૨૪ના રોજ કાંપનીના HR વિભાગના અધિકારી ભૂમિકા સોસા જે કરાટે બ્લુ બેલ્ટ ધરાવે છે, તેમના દ્વારા કોવાયા સ્કૂલની ૬૦ જેટલી વિદ્યાર્થીનીઓને આત્મસુરક્ષાની તાલીમ



આપવામાં આવી. જેમાં પ્રેકટીકલ સાથે - સાથે બહેનોને વાતચીત દ્વારા પણ સમજાવવામાં આવી. આત્મરક્ષા માટે પોતે સક્ષમ બનવું જરૂરી છે. એ વાત અંગે વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવાઈ.

આ કાર્યક્રમમાં શાળાના પ્રિન્સીપાલ લાલજીભાઈનો હકારાત્મક સહયોગ રહ્યો તેમજ HRના સેકશન હેડ ભૂમિકા સોસાની વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપવાની ઉત્કૃષ્ટ પદ્ધિતએ બહેનોમાં ઉત્સાહ વધાર્યો. સાથે સાથે અલ્ટ્રાટેકના ઉચ્ચ અધિકારી અજય વૈશમ્પાયન તથા એડમીન સિકયુરીટીના અધિકારી રીતોબન ચૌધરીના માર્ગદર્શન હેઠળ CSR વિભાગના અધિકારી દેવેન્દ્ર સીંઘ , ઉદ્ધવી પરીખ અને ઈશા દેસાઈનો ઉત્કૃષ્ટ પ્રયાસ રહ્યો.

